₹ ૨૦/-



## પ્રકૃતિનું છુપાયેલ મુખ

# પ્રભુ અર્પણ

ફેબ્રુઆરી - ૨૦૨૨

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

## Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

## શ્રી માતાજી અને પ્રકૃતિ

જ્યારે જ્યારે તારા દૈવી ઉચ્છ્વાસનો સ્પર્શ થતાં કોઈક હૃદય જાગી ઊઠે છે ત્યારે પૃથ્વી ઉપર જાણે થોડુંક વધુ સૌન્દર્ય જન્મ લેતું દેખાય છે, હવામાં એક મીઠી મઘમઘતી સૌરભ ફેલાઈ જાય છે, આખું જગત વધુ મૈત્રીભર્યું બને છે.

હે સર્વ જીવનના સ્વામી ! તારી શક્તિ કેટલી બધી અસીમ છે ! તારા આનંદનો એક અણુ પણ પારાવાર અંધકારને, અસંખ્ય દુઃખોને મિટાવી દેવાને પૂરતો છે. તારી જ્યોતિનું એકાદ કિરણ પણ જડમાં જડ કંકરને, કાળામાં કાળી ચેતનાને પ્રકાશથી ભરી દઈ શકે છે !

(અનુસંધાન-શીર્ષક ૩)

## પ્રકૃતિ સાથે એકરૂપતા કેળવો

પ્રકૃતિમાં પુષ્પો તરફ દૃષ્ટિ કરો. સૂર્યાસ્ત થતો હોય, સર્વત્ર નીરવતા છવાઈ રહી હોય ત્યારે ઘડીભર કોક વૃક્ષ નીચે જઈ બેસો અને પ્રકૃતિ સાથે તમારા અંતરાત્માને એક કરવા પ્રયત્ન કરો. તમે અનુભવશો કે પૃથ્વીમાંથી, વૃક્ષોનાં ઊંડા ઊંડાં મૂળમાંથી નીકળીને, વૃક્ષના રેષાઓમાં થઈ ઠેઠ ઊંચામાં ઊંચી ડાળ સુધી પ્રેમની આ એક આર્ત ઝંખના આરોહણ કરી રહી છે, આખી પૃથ્વી જાણે અસ્ત થયેલા પ્રકાશને પાછો માગી રહી છે, કોક કલ્યાણકારક, જ્યોતિર્મય વસ્તુને ઝંખી રહી છે. એ ઝંખના એવી તો વિશુદ્ધ અને તીવ્ર હોય છે કે વૃક્ષોની આંતર ચેતના સાથે જો તમે અદ્વૈત અનુભવી શકો તો તમારો અંતરાત્મા પણ આ જગતમાં હજી અપ્રકટ રહેલી પ્રભુની દિવ્ય શક્તિ, દિવ્ય જ્યોતિ અને તેના પ્રેમ માટે આર્તભાવે પ્રાર્થના કરવા લાગશે.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ - ૩, પેજ-૭૮)

# પ્રભુ અર્પણ

**(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)**

# શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

**ફેબ્રુઆરી – ૨૦૨૨** **વર્ષ : ૦૮** **અંક : ૦૨**

# અનુક્રમ

## પ્રકૃતિનું છુપાયેલ મુખ


પ્રકૃતિ શું છે? ૦૬

પ્રકૃતિનાં પાસાંઓ ૧૫

વૃક્ષ - વિકાસનું પ્રતીક ૨૪

પ્રકૃતિ અને નૂતન સર્જન ૨૭

સાવિત્રી મહાકાવ્યની પસંદગીની પંક્તિઓ ૩૩

*

વૃત્ત વિશેષ ૪૫


**તંત્રીનોંધ :** સામાન્યતઃ પ્રકૃતિને યંત્રવત અભાન શક્તિ ગણવામાં આવે છે, જે શક્તિ સૃષ્ટિમાંની સર્વ વસ્તુઓને ગતિમાન કરતી હોય છે. એવું મનાય છે કે પ્રકૃતિના સંપૂર્ણ અભ્યાસ અને એની સમજ કેળવીને આપણે સર્વ કંઈ સમજી શકીએ છીએ, સર્વ કંઈ જાણી શકીએ છીએ. અને પ્રકૃતિની રીતરસમોમાં થોડી ગહન દૃષ્ટિ કરતાં આપણને પૂરતી ખાતરી થઈ જાય છે કે પ્રકૃતિ યંત્રવત અને અભાન શક્તિ હોવાને બદલે પ્રકૃતિનાં કાર્યની અંદર અને એની પાછળ સંપૂર્ણપણે સભાન શક્તિ રહેલી હોય છે જે પૂર્વરૂપરેખાંકિત ધ્યેયને અનુરૂપ પોતાનાં સાધનોનું સમાયોજન સાધતી રહેતી હોય છે. આ અંકમાં પ્રકૃતિનાં અમુક પાસાંઓનો અભ્યાસ એની ગહન ગૂઢ કાર્યપ્રણાલીની સમજ કેળવવા માટે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના વિશાળ અને વિગતોપૂર્ણ આધ્યાત્મિક જ્ઞાનની સહાય લઈ રજૂ કર્યો છે.

***



**શ્રી અરવિન્દ**

પૃથ્વી પરમાત્માનું આહ્વાન કરે છે કે તેઓ પોતાનું શાસન વિશ્વમાં સર્વત્ર પ્રસારે અને આરાધનાના ભાવસહિત કૃતજ્ઞતાપૂર્વક, આનંદના અતિરેક સહિત એ સ્મરણમાં રાખે કે પૃથ્વી ઉપર મેં મારા પગલાંની જે છાપ છોડી છે – જે અણુનું રૂપાંતર કર્યું છે – એના પરમ સુખને તેઓ યાદ રાખે. પૃથ્વી, ખડકો, ધૂળ, જળ અને હવા જે વિશ્વની રચના કરે છે, તે સર્વ ઘટકો નૂતન જન્મ માટે વિનંતી કરે છે.

શ્રી માતાજી

(The Supreme : 52)

# પ્રકૃતિ શું છે?

**અંતર્યામી અને પ્રકૃતિનાં રહસ્યો**

વ્યક્તિ જ્યારે સમજ કેળવે છે, વ્યક્તિને જ્યારે આંતર પ્રદેશો પ્રતિ દોરી જવામાં આવે છે – જ્યાં ઈશ્વરનો અંશ વિરાજમાન હોય છે – ત્યારે એ વ્યક્તિ નિહાળે છેઃ – અન્ય વિશ્વોની રહસ્યમયતાઓ માત્ર નહિ, પણ આ વિશ્વની રહસ્યમયતાઓ અને પ્રકૃતિની અંદર અસ્તિત્વનું સત્ય એ વ્યક્તિ જુએ છે. પ્રકૃતિ કઈ રીતે કાર્ય કરે છે, કઈ રીતે સર્જન કરે છે, પ્રત્યેક વ્યક્તિને અને પ્રત્યેક વસ્તુમાં એ વ્યક્તિની વ્યક્તિતાને અનુરૂપ સ્વરૂપનું ઘડતર કરે છે અને એ વ્યક્તિની પ્રગતિ માટે બીજ વાવે છે, જેથી એ બીજ એની પોતાની રીતે સંપૂર્ણપણે વિકાસ પામે, જે રીત એના મૂળમાં ઈશ્વર સાથે જોડાયેલી હોય છે. એટલે જ પ્રત્યેક વસ્તુમાં, પ્રત્યેક પ્રાણીમાં આપણને દિવ્ય પ્રકાશનો પેલો તણખો જોવા મળે છે, જે પ્રકાશનો તણખો સર્વ સ્વરૂપોને જીવનતત્ત્વનું પ્રદાન કરે છે – સચેતન કે અચેતન...

આ બધી અભિવ્યક્તિઓ – ઈશ્વરે સૃષ્ટિસર્જનમાં સ્વ-આવિર્ભાવમાં પોતાની જાતને પ્રકટ કરી છે સમગ્ર વિશ્વમાં તેઓ જાતે જ પ્રકટ થયા છે – પ્રભુની સંનિધિથી આંદોલિત થતી હોય છે, એનાથી જ એ સચેતન બને છે. પ્રભુના પ્રકાશથી સભર બને છે, પ્રભુના પ્રેમમાં વિકાસ પામે છે.

અનેકતામાં પોતાની જાતને પુનઃ પ્રાપ્ત કરી લેવા પ્રભુએ પોતાની જાતને બલિ રૂપે, સર્વનાશ રૂપે નૂતન રૂપમાં પ્રકટ કરી છે. (Throb of Nature, P, 3, by Mona Sarkar)

***

**ધ્યાનસ્થ પ્રકૃતિ**

પ્રેમશક્તિનું કાર્ય ફક્ત માનવજાતિમાં જ મર્યાદિત નથી. મનુષ્ય સિવાયની બીજી સૃષ્ટિઓમાં તેનું કાર્ય કદાચ ઓછું વિકૃત પણ હશે. પ્રકૃતિમાં પુષ્પો તરફ દૃષ્ટિ કરો. સૂર્યાસ્ત થતો હોય, સર્વત્ર ગંભીર નીરવતા છવાઈ રહી હોય ત્યારે ઘડીભર કોક વૃક્ષ નીચે જઈ બેસો, અને પ્રકૃતિ સાથે તમારા અંતરાત્માને એક કરવા પ્રયત્ન કરો. તમે અનુભવશો કે પૃથ્વીમાંથી, વૃક્ષોનાં ઊડાં ઊડાં મૂળમાંથી નીકળીને, વૃક્ષના રેષાઓમાં થઈ ઠેઠ ઊંચામાં ઊંચી ડાળ સુધી પ્રેમની આ એક આર્ત ઝંખના આરોહણ કરી રહી છે, આખી પૃથ્વી જાણે અસ્ત થયેલા પ્રકાશને પાછો માગી રહી છે, કોક કલ્યાણકારક, જ્યોતિર્મય વસ્તુને ઝંખી રહી છે. એ ઝંખના એવી તો વિશુદ્ધ અને તીવ્ર હોય છે કે વૃક્ષોની આંતર ચેતના સાથે જો તમે અદ્વૈત અનુભવી શકો તો તમારો અંતરાત્મા પણ આ જગતમાં હજી અપ્રકટ રહેલી પ્રભુની દિવ્ય શક્તિ, દિવ્ય જ્યોતિ અને તેના પ્રેમ માટે આર્તભાવે પ્રાર્થના કરવા લાગશે.

તમે એક વાર પણ આ વિશાળ, વિશુદ્ધ અને સાચા દિવ્ય પ્રેમનો સ્પર્શ પામી શકો, એના એકાદ અંશનો એક ક્ષણ માટે પણ તમે અનુભવ કરી શકો તો તમને જણાશે કે મનુષ્યની વાસનાએ એની કેવી દુર્દશા કરી મૂકી છે. માનવપ્રકૃતિમાં આવીને એ પ્રેમ, અધમ, પાશવ, સ્વાર્થી, આવેશમય અને કુરૂપ થઈ ગયો છે, અથવા તો તે કેવળ નિર્બળ અને ઊર્મિલ, ક્ષણિક, નાનીનાની ક્ષુદ્ર લાગણીઓથી ભરેલો, છીછરો અને કૃપણ બની ગયો છે. મનુષ્યજાતિ આ નીચતા, આ પાશવતા, આ અહંપરાયણ દુર્બળતાને પ્રેમ કહે છે! (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૭૨)

***

## પ્રકૃતિની પ્રક્રિયાઓની પૂઠળે

વ્યક્તિને જ્યારે આ આંતરદર્શના પ્રાપ્ત થાય છે, જે આપણા સ્વરૂપમાં રહેલા દરવાજાઓ ખોલી આપે છે ત્યારે વ્યક્તિ વસ્તુઓની પૂઠળે રહેલા સત્યને નિહાળવાની શરૂઆત કરે છે અને વ્યક્તિને એ સમજાવા લાગે છે કે આ ભૌતિક વિશ્વમાં પણ ઘણી બધી એવી વસ્તુઓ રહેલી છે, જે આપણી દૃષ્ટિથી છટકી જતી હોય છે. ..... માનવસર્જિત કોઈ પણ યંત્ર પ્રકૃતિની પ્રક્રિયાઓની પૂઠળે શું રહેલું છે તેનું વર્ણન કરી શકે એમ નથી, એ વસ્તુને સમજાવી શકે એમ નથી. એ પ્રક્રિયા એટલી તો સુંદર વસ્તુ છે, એટલી તો વૈવિધ્યસભર છે, એટલી તો સૂક્ષ્મ અને એની ઝીણામાં ઝીણી કાર્ય પદ્ધતિમાં, એની ચોકસાઈમાં એટલી તો ભવ્ય છે કે માણસ એના આ ક્ષુદ્ર મગજ વડે એને કદાપિ વર્ણવી શકે જ નહિ!

અને માણસ એવું વિચારે છે કે પોતે પ્રકૃતિની પ્રક્રિયાઓમાં એના શોધેલાં યંત્રો તેમ જ એની શોધખોળો દ્વારા સુધાર લાવી શકે એમ છે. ભૌતિક ક્ષેત્રમાં એણે જે ક્ષમતાઓ વિકસાવી છે તેના દ્વારા પ્રકૃતિની પ્રક્રિયાઓને વૈજ્ઞાનિક ઢબે બદલી કાઢી શકે એમ છે. માનવ એવું માનવાની ધૃષ્ટતા કરી શકે છે કે એ પોતે શોધી કાઢેલ સૂત્રો તેમ જ પોતાના અનુભવોના આધારે, પોતાની શોધખોળો દ્વારા પ્રકૃતિ પર આધિપત્ય જમાવી શકે છે.... જે પ્રકૃતિની પ્રક્રિયાઓ અને એનાં સર્જનો ઉપરના વિજય પ્રતિ એને દોરી જઈ શકે... કેવી તો મૂર્ખતા, કેવું ગાંડપણ!.... કેવી તો સરખામણી!

પ્રકૃતિની ક્ષમતાઓ, જે અનંતતાને આશ્લેષમાં લે છે તેની ધારને હજુ માનવ સ્પર્શી શક્યો નથી અને એ પ્રકૃતિ ઉપર શાસન કરવા માગે છે.... એનું બેઅદબ મિથ્યાભિમાન અને એનો અહંકાર..... અને છતાં એ આતુર છે, કૃતનિશ્ચયી છે અને પ્રકૃતિ પર વિજય પ્રસ્થાપિત કરવાનો સંકલ્પ એ ધરાવે છે. પરંતુ જે માર્ગ એ અનુસરી રહ્યો છે, તે ઘણો લાંબો સમય માગી લે એમ છે, ઘણા યુગો એને પોતાનું આ ધ્યેય સિદ્ધ કરવામાં લાગી જાય એમ છે. (Blessings of Grace : 77-78)

***

## પ્રકૃતિનું રૂપ

વર્ષો સુધી, પ્રત્યેક વખતે મેં પ્રકૃતિને જ્યારે પણ જોઈ છે ત્યારે મેં આ જ વ્યક્તિને

નિહાળી છે; મારે માટે વર્ષો સુધી આ વ્યક્તિતા જ પ્રકૃતિ છે. અને એ સંબંધ નથી, ‘પણ એ પ્રકૃતિ છે મારી માતા સમાન, જે મારી બહેન પણ હોઈ શકે, અથવા મારી બહેન, જે મારી માતા હોઈ શકે, એના જેવું (વસ્તુઓ એકદમ સ્પષ્ટ નથી, શબ્દો મહત્ત્વના નથી) પ્રકૃતિમૈયા છે ઊંચાં, સુંદર સ્ત્રી સ્વરૂપ અને એ છે અતિ, અતિ અતિ સરળ. અને એકદમ અદ્‌ભુત. પણ મારે માટે, એ બાળક સમાન છે. એ મારી સાથે હતાં અને તેઓએ કહ્યું હતુંઃ ‘જો, મેં તારાં વસ્ત્રો પરિધાન કર્યાં છે, મેં એ વસ્ત્રો પરિધાન કર્યાં છે તે તને જણાવવા કે એની સ્વીકૃતિ થઈ છે – મેં તારો વેશ ધારણ કર્યો છે. અને એનો રંગ છે ત્વચા સમાન (શ્રી માતાજીના દેહના ખુલ્લા ભાગની ત્વચાના રંગ જેવો છે) એ વસ્ત્રોનો રંગ ત્વચા સમાન હતો. એમાં થોડી તેજસ્વિતા હતી. જાણે ખીલેલું પુષ્પ જોઈ લો. ત્વચા પણ ખીલેલી લાગતી હતી. અને એની કોઈ જાતિ, કોઈ લિંગ ન હતું, નહિ સ્ત્રી કે નહિ પુરુષ, જાતિ નહિ, એ આ પ્રકારનું રૂપ હતું : (શ્રી માતાજી svelte જેવી આકૃતિ દોરે છે) એ રૂપ માનવદેહ જેવું લાગતું હોય, પણ હોય જાતિ હીન. એના બે પગ જોડાયેલા હોય. એ રૂપ સુંદર હતું...

મેં હંમેશાં એ પૂછયું હતું, ‘‘અતિમાનસ શરીર કેવું છે ? હું એ શરીર જોવા માગું છું’’ અને મેં એ જોયું, મેં મારું શરીર જોયું, એ કેવું હશે એ જોયું. એ સુંદર છે! (હાસ્ય) એ સુંદર છે!.... એ છે શરીર બહુ જુદું નહિ, પણ એટલું તો વિશુદ્ધ, એમાં પેલી બધી હિલચાલોમાંની કોઈ હિલચાલ નહિ – કોઈ અસંસ્કારી ગતિવિધિ નહિ – માત્ર માનવીય એવી કોઈ પણ સાધારણ હિલચાલ નહિ, એ ત્યાં ટકી શકે જ નહિ, બે – માનવીય અને અતિમાનસ – જોડે ટકી શકે જ નહિ. જ્યારે એક હોય ત્યારે બીજું ત્યાં રહી શકે નહિ.

હું એને નિહાળું છું.... પ્રકૃતિને હું જોઉં છું... એના કેશ છે.... મને ખબર નથી, આપણા કેશનો જે રંગ હોય છે એવો રંગ એના કેશનો નથી. એ જાણે બધા રંગો ભેગાં હોય એવો રંગ હતો..... અને એનું મુખ લંબગોળ, શાન્ત.... એ જાણે વયહીન, અજર ન હોય! નહિ યુવાન, નહિ વૃદ્ધ. અને એના મુખમાં અસામાન્ય શક્તિ હતી.

એ છે ભૌતિક પ્રકૃતિ, શારીરિક પ્રકૃતિ, ભૌતિક શરીરની પ્રકૃતિ અને એણે કહ્યું હતુંઃ ‘મેં તારા વાઘા પહેર્યાં છે, તને હું એ જણાવવા માગું છું કે મેં તારા વાઘાનો સ્વીકાર કર્યો છે.’

એનો અર્થ એ કે ભૌતિક પ્રકૃતિએ નૂતન સૃષ્ટિનો સ્વીકાર કર્યો છે.

(The Mother : Conversation with a Disciple, May 9, 1970)

***

**પ્રકૃતિનાં બળો**

એમ પણ કહેવાય છે કે પ્રકૃતિની શક્તિઓ આંધળી અને ઘાતક છે. પરંતુ એવું છે જ નહિ! એ તો મનુષ્ય પોતાની સરખામણી પ્રકૃતિની સાથે કરીને એવો નિર્ણય બાંધે

છે. જરા થોભો, આપણે એક દાખલો લઈએ. જ્યારે કોઈ ઠેકાણે ધરતીકંપ થાય છે ત્યારે ઘણા બેટ ડૂબી જાય છે અને લાખો મનુષ્યોની જાનહાનિ થાય છે. લોકો એમ કહે છેઃ 'આ પ્રકૃતિ તો રાક્ષસણી છે.' મનુષ્યના દૃષ્ટિબિંદુથી જોતાં આ પ્રકૃતિ રાક્ષસી છે ખરી. એણે શું કર્યું છે? એક ઊથલપાથલ. પરંતુ વિચાર કરી જુઓ કે જ્યારે તમે કૂદતાં કે દોડતાં કે એવું કાંઈ કરતાં ખૂબ ખૂબ વગાડી બેસો છો અને કાળા તથા ભૂરા થઈ જાઓ છો ત્યારે તમે તમારા અસંખ્ય કોષાણુઓનો નાશ કરો છો અને એમને માટે તો એ એક ધરતીકંપ જ હોય છે! એમાં પ્રશ્ન પ્રમાણનો છે. આપણા માટે, આપણી નાનકડી ચેતના માટે, આપણી હમેશની ક્ષુદ્ર ચેતના માટે, આ કોઈક ભયંકર સરખી વસ્તુ લાગે છે પરંતુ આખરે તો એ વસ્તુ તે પૃથ્વી ઉપર કોઈ ઠેકાણે (વિશ્વમાં તો નહિ) કોઈ આઘાત લાગ્યો હોય છે. આપણે કેવળ પૃથ્વીની વાત કરીએ છીએ. એ શું છે? કાંઈ જ નહિ, સમગ્ર વિશ્વમાં એક નાનકડું રમકડું. આપણે આ વિશ્વની વાત કરીએ તો એમાં આખાં જગતો અદૃશ્ય થઈ જાય છે અને છતાં એ કેવળ આઘાતો હોય છે. બીજું કાંઈ નહિ.

જો બની શકે તો, આપણે, આપણી ચેતનાને વિશાળ બનાવવી જોઈએ.

હું એક એવી વ્યક્તિને ઓળખું છું જે પોતાની ચેતનાને વિશાળ કરવા માગતી હતી. એણે મને કહેલું કે એ માટે એણે એક રસ્તો શોધી કાઢ્યો છે. એમાં એવું કરવાનું હોય છે કે રાત્રિના સમયે, તમારે ઘરની બહાર નીકળીને ક્યાંક ચત્તાપાટ સૂઈ જઈને આકાશમાંના તારાઓનું નિરીક્ષણ કરવું અને તેમની સાથે તાદાત્મ્ય સાધવા પ્રયત્ન કરવો. પછી આ અતિવિશાળ વિશ્વના ઊંડાણમાં દૂર દૂર ચાલ્યા જવું, અને એમ કરીને સર્વ પ્રકારનાં પ્રમાણો, પૃથ્વી ઉપરની વસ્તુ-વ્યવસ્થા અને એની બધી નાની નાની વસ્તુઓ ભૂલી જઈને આકાશ જેટલા વિશાળ બની રહેવું – આપણે આખા વિશ્વ જેટલા વિસ્તૃત બનવાનું તો ન કહી શકીએ કારણ કે આપણે એનો કેવળ એક સૂક્ષ્મ અંશ જ જોઈ શકીએ છીએ – પરંતુ આકાશ અને સર્વ તારક-મંડળો જેટલા વિસ્તૃત બનવાનું તો કહી શકીએ. અને આમ, તમને ખબર છે? એટલા સમય પૂરતું તમારી બધી નાનકડી અશુદ્ધિઓ ખરી પડે છે અને તમે વસ્તુઓને એક વિશાળ ફલક ઉપરથી જોતા થાઓ છો. એ એક સારી કસરત છે.

બંને વ્યાયામ સારા છે. તમે એ બંને વચ્ચે સરખામણી કરી જુઓઃ તમે એક રસ્તા ઉપર ચાલ્યા જાઓ છો, અને ત્યાં રસ્તા ઉપર એક રાફડામાંથી બીજા રાફડામાં કીડીઓનું એક મોટું લશ્કર જઈ રહ્યું હોય છે (તમે નીચે જોતા નથી હોતા, તમે કોઈકની સાથે વાતો કરી રહ્યા હો છો); બહુ જ બેદરકારીપૂર્વક તમે એક પગ મૂકો છો અને પછી બીજો. અને ત્યાં તો તમે જાણ્યા વિના પણ સેંકડો કીડીઓને ચગદી નાખો છો. જો તમે પોતે એક કીડી હોત તો એમ કહેત કે, 'અરે, આ તો કેવી દુષ્ટ શક્તિ છે?' પણ તમે તો કેવળ ચાલતા જ હો છો. તમે કાંઈ ધ્યાન આપ્યું નથી હોતું. પરંતુ ધારો કે કોઈ એવાં સ્વરૂપો હોય, જેની સરખામણીમાં તમે એક કીડી જેવા હો. હવે તેઓ એક પગ મૂકે અને પછી

બીજો મૂકે, ત્યાં તો લાખો માણસો મરી જાય છે. એમને તો એની ખબર પણ નથી હોતી! એમણે કંઈ જાણી જોઈને એમ નથી કર્યું હોતું. એ તો કેવળ ફરવા નીકળ્યા હતા, બસ. આમાં તમે કેવળ એટલી ભેદરેખા દોરી શકો (અને છતાં મને પૂરેપૂરી ખાતરી નથી,) કે મનુષ્ય અને કીડીમાં માત્ર એટલો જ ફેર છે કે મનુષ્ય વિચાર કરી શકે છે કે પોતાને શું થાય છે અને કદાચ કીડીઓ એ વિશે સભાન ન હોય? મને કશી ખબર નથી. હું એની ખાતરી નથી આપતી. બસ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૨૫૫-૨૫૬)

***

## પ્રકૃતિની પદ્ધતિઓ

મનુષ્યો જેને 'ઇરાદપૂર્વક' સમજે છે તે રીતે તો નહિ. પરંતુ આ બધા પાછળ અમુક એવો ઈરાદો અને ધ્યેય પ્રગટ થઈ રહ્યાં છે કે જેના પ્રત્યે આપણી ગતિ થઈ રહી છે. કેવળ આ બધાનો આધાર સભાનતાના પ્રમાણ ઉપર રહે છે. મનુષ્યને તો આ સર્વમાં એક શંભુમેળો જ દેખાય છે, કારણ કે એ તો કેવળ વિગતોને જ જોઈ શકે છે અને એને તો આમાં સમયનો બહુ ભયંકર રીતનો બગાડ જણાય છે, કારણ કે એને માટે તો સમય એના વ્યક્તિગત જીવનની મર્યાદાને માપે મપાય છે. પરંતુ પ્રકૃતિને માટે તો આખી શાશ્વતી તેની સામે છે. અને એને માટે તો બગાડ થાય કે નહિ તે બધું સરખું હોય છે, કારણ કે એ તો કોઈ એના જેવી છે કે જેની પાસે એક અતિકાય તાવડો હોય : એ એમાં વસ્તુઓ નાખીને એક મિશ્રણ બનાવે છે, અને એમાં જો સફળતા નથી મળતી તો એ બધુ બહાર ફેંકી દે છે. કારણ કે એને તો ખબર હોય છે કે એ જ વસ્તુઓને પાછી ભેગી કરીને એ બીજું મિશ્રણ તૈયાર કરી શકશે. અને એવી રીતે બધું ચાલે છે. કશું પણ નકામું જતું નથી, કારણ કે એની એ જ વસ્તુઓ, સર્વ સમયે ખપમાં લાગે છે. રૂપોને ભાંગી ન ાખીને તેમનું મૂળ તત્ત્વ પાછું લઈ લેવામાં આવે છે, અને એમ ને એમ સતતપણે ચાલતું રહે છે. એ બનાવે છે, તોડી નાખે છે, અવળું સવળું કરી નાખે છે — જો પ્રકૃતિને એમ કરવું ગમતું હોય તો, એની એ જ વસ્તુ સેંકડો કે હજારો વખત કરવા પ્રયત્ન કરવામાં તેનું શું નુકસાન થવાનું હોય છે! કારણ કે તેના કાર્ય સિવાય કશું પણ એળે જતું નથી. પરંતુ કામ કરવું એ તો એનો આનંદ છે. કામ ન કરવાનું હોય તો એનું અસ્તિત્વ જ ન હોય. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૪૭૨)

***

## બળો અને સત્ત્વો

દાખલા તરીકે, આ જે પવન વાય છે તે લો. હવે વિજ્ઞાનીઓ તમને કહેશે : 'આ કુદરતનાં બળોના આવિર્ભાવો છે, અને તે આવી આવી ઘટનાના પરિણામો ઉત્પન્ન થતાં હોય છે.' તેઓ તમને ગરમી અને ઠંડી, ઊંચું અને નીચું એ વિશે વાત કરશે, અને કહેશે, 'પવનના વાવાનું કારણ એ છે, આ વાતાવરણમાં ઉત્પન્ન થયેલા હવાના પ્રવાહો

છે.' પરંતુ વસ્તુ એવી નથી. એની પાછળ સત્ત્વો રહેલાં હોય છે, માત્ર એટલું જ કે એ એટલાં બધાં મોટાં હોય છે કે તેમનું સ્વરૂપ આપણી પકડમાં આવતું નથી. એક કીડીને માણસના સ્વરૂપનું વર્ણન કરવાનું કહીએ તેના જેવું આ છે. એ વર્ણન નહિ કરી શકે, ખરું ને? એ બહુ બહુ તો છેલ્લી આંગળીના નાનકડા છેડાને જોતી હોય છે અને પગ ઉપર ફરતી હોય છે – એ એક મોટી મુસાફરી હોય છે અને તે માણસનો આકાર કેવો છે તે કહી શકતી નથી. તો, વસ્તુ લગભગ એવી જ છે. આ જે બળો પવન, વરસાદ, ભૂકંપો વગેરેને ઉત્પન્ન કરતાં હોય છે તે અમુક સત્ત્વોની ક્રિયાના આવિર્ભાવો હોય છે, ચેષ્ટાઓ હોય છે. એમ કહેવું હોય તો – એ સત્ત્વો એટલાં બધાં તો મહા પ્રચંડ હોય છે કે આપણને તેમના પગનો છેડો પણ ભાગ્યે દેખાય છે અને તેમના કદનું માપ આપણે કાઢી શકતા નથી. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૫૧૭)

***

તમે જાણો છો કે વાદળોમાં, પવનમાં, નાનાં નાનાં સત્ત્વો રહેલાં હોય છે. આ સત્ત્વો પ્રાણજગતનાં હોય છે; તે બિલકુલ દુષ્ટ હોતાં નથી. તેઓ થોડાં તોફાની હોય છે. ઘણોખરો સમય તેઓ પ્રકૃતિની વિશાળતા અને વ્યાપક વ્યવસ્થાના નિયમોને આધીન રહે છે, પરંતુ આમાંનાં કેટલાંક તત્ત્વો અર્ધ-સ્વતંત્ર હોય છે અને પ્રાદેશિક સ્થળ ઉપર વરસાદ લાવે છે. કદાચ (આ નાનાં સત્ત્વોને પ્રાર્થનાઓ પસંદ હોય છે) આપણે તેમને કહીએ : 'હું તમને વિનંતી કરું છું, થોડા દયાળુ બનો, આવતી કાલે અમારો ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ છે. તમે તોફાન ન કરશો, વરસાદ મોકલવાની તમારી જો ઇચ્છા હોય તો સાંજ સુધી રાહ જોજો, અમારા નાના સમારંભને બગાડશો નહિ.' તો આ વિનંતીની થોડી અસર કદાચ થાય! (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૧૯૪)

***

## પ્રકૃતિ પૂર્વદષ્ટિયુક્ત

પ્રકૃતિ ખૂબ પૂર્વદષ્ટિવાળી છે. એ દરેક વાયુમંડળમાં પોતાને માટે યોગ્ય વસ્તુ પેદા કરી લે છે. અલબત્ત, કોઈએ માણસને કેન્દ્રમાં ન મૂકવો જોઈએ અને એમ ન કહેવું જોઈએ કે પ્રકૃતિએ માણસના ભલા માટે આ વસ્તુ બનાવી છે. હું એમ નથી માનતી, કારણ કે માણસ પૃથ્વી પર દેખાયો ત્યાર પહેલાં, ઘણા સમય પહેલાં પ્રકૃતિએ આ બધું શોધી કાઢ્યું હતું. પણ એ એક પ્રકારની સંવાદિતા છે, જે અમુક દેશોના વાયુમંડળની પરિસ્થિતિઓ અને તેની પેદાશ વચ્ચે વિકસે છે, જેમ આપણે જાણીએ છીએ કે પશુઓના કદ વચ્ચે અને તેઓ જેમાં જીવે છે તે દેશના વિસ્તાર વચ્ચે સંવાદિતા છે તે મુજબ. દા.ત. ભારતના હથીઓનું કદ આફ્રિકાના હાથીઓના કદ કરતાં બહુ નાનું હોય છે. એમ કહેવામાં આવ્યું છે કે તેનું કારણ એ છે કે આફ્રિકામાં વિસ્તારો વિશાળ છે,

અને તેથી ત્યાંના પશુઓનું કદ મોટું હોય છે.
આ છે સૃષ્ટિમાં સ્થપાયેલી એક પ્રકારની સંવાદિતા. દેશો જેમ જેમ નાના થતા જાય છે તેમ તેમ આ પ્રાણીઓ જે વિસ્તારોમાં જીવે છે તે નાના થતા જાય છે, અને એ રીતે એ વિસ્તારોનાં પશુઓ નાનાં થતાં જાય છે. અને છેવટે જ્યારે મુક્ત અવકાશ અને તે પશુના કદ વચ્ચે કોઈ યોગ્ય સંબંધ રહેતો નથી ત્યારે તે પશુ તદ્દન અદશ્ય થઈ જાય છે. જો તમે મોટી સંખ્યામાં મકાનો બાંધો તો પછી તે જગ્યામાં વરૂઓ રહે નહિ. .... માણસોની સંખ્યા જેમ જેમ વધતી જાય અને મુક્ત અવકાશો ઓછા થતા જાય તેમ પશુ જાતિઓ વધારે નાનકડી બનતી જાય છે.... (શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : પૃ. ૫૬-૫૭)

***

## પ્રકૃતિ સાથે આદાનપ્રદાન

વ્યક્તિ જો પ્રકૃતિ સાથે આદાનપ્રદાન કરી શકે, તો વ્યક્તિ જીવનનાં ઘણાં રહસ્યોને જાણી લઈ શકે. અને એ ખૂબ ઉપયોગી બની રહે. વ્યક્તિ એ રીતે બીમારી વિશે અગાઉથી જાણી શકે એટલું જ નહિ, એના ઉપર નિયંત્રણ પણ કરી શકે અને પ્રકૃતિની આપત્તિ તથા સંકટોને ટાળી પણ શકે. આમ પ્રકૃતિ સાથેના વ્યવહારના ઘણા ફાયદાઓ છે તે તમે જોઈ શકો છો.

આદાનપ્રદાન કરવું એટલે સંવાદિતાના આનંદમાં સમજશક્તિ પ્રાપ્ત કરી લેવી, જે સંવાદિતા સમગ્ર અસ્તિત્વનું સંચાલન કરે છે અને એ સંવાદિતાની ચેતનાથી આંદોલિત થવું. આ એવી વસ્તુ છે, આ સંવાદિતાનો આનંદ શોધી કાઢવો એ બહુ મૂલ્યવાન વસ્તુ છે. આ છે જીવનભરનું કાર્ય.

આ ચેતના મેળવી લો અને સૂક્ષ્મ જગત સાથે આદાનપ્રદાન કરવાનો હર્ષ અનુભવો. નીરવતામાં વ્યક્તિ આદાનપ્રદાન કરતી હોય છે અને પોતાની જાતને એક પ્રકારના સૂક્ષ્મ વિનિમયમાં અભિવ્યક્ત કરતી હોય છે. એ એક સંપૂર્ણપણે અલગ એવી ભાષા છે, જેને શબ્દોમાં મૂકી શકાય નહિ. એ હોય છે ટૂંકી અને સુસ્પષ્ટ અભિવ્યક્તિ; ભાષા કરતાં વધુ સારી રીતે સમજી શકાય એવી એ અભિવ્યક્તિ હોય છે.

(Throb of Nature P : 7)

***

પ્રકૃતિ છે સર્જનાત્મક શક્તિનો એકદમ ભૌતિક એવો અંશ, જે સર્જનાત્મક શક્તિ પૃથ્વીના સર્જનમાં ખાસ કરીને સંકળાયેલી હોય છે, એમાં રસ લેતી હોય છે. પૃથ્વી ઉપર આપણે જેને ભૌતિક વિશ્વ તરીકે ઓળખીએ છીએ એમાં એ શક્તિ નિસ્બત ધરાવતી હોય છે. (CWM 7 : 160-161)

***

## પુષ્પો અને માનવ

તમે જાણો છો પુષ્પો એક નીરવ અને ઉદાર ચેષ્ટાના હાવભાવ સહિત ગહન પ્રેમ

અને શાન્તિપૂર્ણ મધુરતા પ્રસારે છે. પુષ્પોનો આ ગુણ અજોડ છે. દુઃખ અને શોકથી પીડિત વિશ્વમાં પ્રકૃતિની આ હિલચાલ સમતુલા લાવે છે. માનવ સાથેના સંબંધ સંદર્ભે આ હિલચાલ અન્ય દિશામાંની છે. – શારીરિક ભૂમિકાએ એ અચળ એવી સંવાદિતાની અભિવ્યક્તિ કરે છે. અને આ સંવાદિતા જ અન્ય હિલચાલનો વિરોધ કરે છે, સમતુલા લઈ આવે છે અને આ અસ્તિત્વને અર્થપૂર્ણ બનાવે છે. એક આપે છે, આપે છે અને આપે જ છે અને બીજું લે છે, લે છે અને લીધે જ રાખે છે અને અન્યો માટે કશું જ બાકી રહેવા દેતું નથી. માનવ સરખામણીએ એટલો તો અહં-કેન્દ્રિત અને ક્ષુદ્ર છે. અને સૌથી ખરાબ વાત તો એ છે કે માનવ બીજાઓ પાસેથી જે મેળવે છે એનાથી ક્યારેય પોતે સંતુષ્ટ થતો હોતો નથી. માનવની અંદર કૃતજ્ઞતાની લાગણીનો અભાવ હોય છે. ઉત્ક્રાંતિની સીડી પર પોતે ઉચ્ચતર સ્તરે હોવાથી એનો બધી વસ્તુઓ પર અધિકાર છે એવું માનવ વિચારતો હોય છે. એનું આમ વિચારવું અર્થહીન છે. એ તો પ્રકૃતિ સહજભાવે પોતાનું સમર્પણ કરી દે છે અને આ વિરોધી હિલચાલને રદ કરી દે છે એટલે પૃથ્વી હજુ નિવાસ માટે યોગ્ય સ્થાન બની રહી છે. મનના પ્રાદુર્ભાવ સાથે જ અલગ 'હું'નો માલિકીભાવ આવ્યો, અહ્‌મ ભાવ જાગ્યો, જે માનવને નીચે ઘસડી જાય છે અને એને ક્ષુદ્ર તેમ જ નીચ બનાવે છે. એનું શિક્ષણ, એની શોધખોળો, એની વૈજ્ઞાનિક સિદ્ધિઓ, આ સર્વ લાભો એને પ્રાપ્ત થયા હોવાથી એ પોતે સમૃદ્ધ થયો છે, એનું જીવન આરામદાયક બન્યું છે, જોખમો સામે એને આશરો મળ્યો છે, એ સલામત બન્યો છે, પણ સાથોસાથ એ ઘમંડી, અહં-કેન્દ્રિત અને વિકારગ્રસ્ત પણ થયો છે. તેમ છતાં, આ બધું મેળવવા છતાં એ સાચો માનવ નથી બન્યો. માનવની આ અવસ્થા એટલી તો દુર્ભાગી છે! આપણે આશા રાખી હોત કે આ પરિસ્થિતિ, એની અવસ્થા અન્ય પ્રકારની હોત. એની અંદર એટલી તો વિકૃતિ આવી ગઈ છે કે અન્યોને છેતરવામાં પોતે આનંદ અનુભવતો હોય છે ત્યારે તે પોતાની જાતને જ છેતરતો હોય છે. અને એ આ હકીકત પરત્વે પોતે સભાન નથી. એ એટલો તો વિલાપપાત્ર રીતે નિર્ધન છે! આ સર્વને કાબૂમાં રાખી એના પર વિજય પ્રાપ્ત કરવાનું માનવ ક્યારે શીખશે? (Throb of Nature, PP 143-144)



**હંમેશ સહાય કરવા તત્પર અને સહાય કઇ રીતે કરવી તેની એને ખબર છે.**

**શ્રી માતાજીએ આ પુષ્પને આપેલું આધ્યાત્મિક નામ : સહયોગ**



**શ્રી માતાજી**

*હંમેશાં એમ કહેવામાં આવે છે કે જ્યારે કોઈ સર્જન તેની વધુમાં વધુ શક્યતાએ પહોંચે છે ત્યારે તે પૂર્ણતા પામ્યું એમ કહેવાય. પરંતુ વાત એમ નથી! અને ખાસ એટલે જ મારો વિરોધ આ વિચાર સામે છે : આ સર્વ કાંઈ એક પ્રગતિ પ્રત્યે જતા સોપાનોની શ્રેણી જેવું છે. એટલે કે, પ્રકૃતિ જે કંઈ કરે છે, તેમાં એ તેના છેક છેવટના છેડા સુધી જાય છે અને જ્યારે તે જુએ છે કે હવે આથી તે આગળ જઈ શકે તેમ નથી, વધારે ગતિ કરી શકે તેમ નથી, ત્યારે તે પછી એ બધાનો નાશ કરે છે અને ફરીથી શરૂઆત કરે છે. પરંતુ, માટે જ આને પૂર્ણતા ન કહેવાય, કારણકે પૂર્ણતાનો નાશ થઈ શકે નહિ. જ્યારે પ્રકૃતિ પોતે જે શરૂ કર્યું છે તેનો ફરીથી નાશ ન કરવાની સ્થિતિમાં પહોંચશે ત્યારે જ પૂર્ણતા આવશે.*

*(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : પૃ. ૧૯)*

# પ્રકૃતિનાં પાસાંઓ

આ અણુઓના બીજકોના છેક ઊંડાણમાં મેં એક જ્વાલા જલાવી છે, જે કંપ સહિત જાગ્રત થાય છે, હૃદયધબકાર માફક. અચિત્‌ના આ જડ જથ્થામાં, બળોના અચળ સર્પાકારમાં બંદી, જાણે અજ્ઞાનની સંદિગ્ધ શાશ્વતીમાં એ જ્યોત મેં જગાવી છે. એ એવું વિશ્વ પ્રકટ કરે છે, જ્યાં કશું ન હતું. જડદ્રવ્યના આ સર્વ અંધ પ્રદેશોમાં જ્યાં એ જડ અને મૂક અવસ્થામાં પડેલું છે, જીવનતત્ત્વહીન ગહન નિદ્રામાં એક આંદોલન આવે છે. પરમ સંકલ્પમાંથી અને જડદ્રવ્ય ધ્રુજારી અનુભવે છે, થરથરે છે અને પરમાનંદમાં જાગી જાય છે. (The Supreme by Mona Sarkar, P. 49)

***

**કેટલું સુંદર દશ્ય**

આપણે સાગરનાં મોજાંઓ નિહાળીએ છીએ – ક્યારેક એ શાન્ત હોય છે અને અમુક સમયે અશાન્ત, સતત ગતિયુક્ત, છતાં હંમેશાં વૈવિધ્યસભર, વાદળો વીંટો વળી જે અકલ્પનીય રચનાઓમાં પરિણમતાં હોય છે એ પણ આપણે જોઈએ છીએ. અથવા તો પવન જે બગીચાના ઘાસનાં મેદાનો સ્વચ્છ કરી દે છે. વરસાદ, જે અટક્યા વગર નિયમિત રીતે વરસતો રહે છે અને પ્રસંગોપાત્ત હવાની લહેર એની રાજવી ઢબે હરતીફરતી ખેતરોને હિલોળતી રહેતી હોય છે. આ બધાં એટલાં તો અદ્‌ભુત દશ્યો છે એનું સંયોજન એટલું તો સુંદર હોય છે અને એમને નિહાળવાં એ કેટલું તો સુંદર હોય છે.

(Throbs of Nature : P. 90)

***

**વરસાદ**

વરસાદ એ છે કૃપા સમાન, જે કૃપા પ્રભુ પૃથ્વીને આશીર્વાદ આપવા, એનું શુદ્ધિકરણ કરવા માટે મોકલતા હોય છે. આ કૃપાવર્ષા પ્રકૃતિ અને પ્રાણીઓને જીવનશક્તિનું પ્રદાન કરતી હોય છે. એની અંદર શુદ્ધિકરણનું અસામાન્ય બળ રહેલું હોય છે. કૃપા વરસે છે ત્યારે એ પ્રકૃતિને જીવંત બનાવે છે અને જીવનના આનંદથી એ પ્રકૃતિને સભર કરી દે છે. એ આપણને ઘણી બધી રીતે સહાય કરે છે. હવામાં જે સર્વ નકારાત્મક રચનાઓ આપણે ફેંકીએ છીએ, જે નુકસાનકારક બળોને સતત આપણે વાતાવરણમાં મોકલતાં હોઈએ છીએ અને એ રીતે આપણી જાતનો વિનાશ કરવાનો પ્રયત્ન કરતાં હોઈએ છીએ તે સર્વ જેવો વરસાદ આવે કે તુર્ત જ વાતાવરણમાંથી દૂર થઈ જાય છે. કૃપાવર્ષા વાતાવરણને શુદ્ધ કરી દેતી હોય છે. વર્ષા વાતાવરણને ચોખ્ખું અને નિર્મલ બનાવી દે છે. અને એ રીતે વાતાવરણને બધી અશુદ્ધિઓથી સ્વચ્છ બનાવી દે છે.

વાતાવરણમાં ઈશ્વરવિરોધી શક્તિઓ પણ રહેલી હોય છે, જે પાણીથી ડર

અનુભવતી હોય છે. અને જેવો વરસાદ આવે કે તુર્ત જ એ શક્તિઓ ભાગી જતી હોય છે. જો એ ભાગી જઈ શકે નહિ તો પછી એ ઓગળી જતી હોય છે. એટલે જ વરસાદ બાદ વાતાવરણમાં શાન્તિ પ્રસ્થાપિત થઈ જતી હોય છે.

***

જે લોકો શુદ્ધ થવા માગતા હોય છે એમને માટે વરસાદ આવે છે.

વરસાદ તમને તમારી સર્વ ખામીઓ, સ્ખલનો અને અશુદ્ધિઓથી મુક્ત કરી દે છે. વરસાદમાં પૃથ્વીને શુદ્ધ કરી દેવાની શક્તિ હોય છે. પૃથ્વી પર રહેનારા લોકો અને પૃથ્વીના વાતાવરણને શુદ્ધ કરી દેવાની શક્તિ વર્ષામાં હોય છે. પણ એને માટે વ્યક્તિએ પોતાની જાતને અભિમુખ રાખવી જોઈએ, સહેજ પણ ડર રાખ્યા સિવાય, 'શરદી થઈ જશે, તાવ આવશે' એવો સહેજ પણ ડર મનમાં રાખવો નહિ. આપણાથી ઊર્ધ્વે રહેલ વિશાળતા પ્રતિ આપણે ખુલ્લાં રહીએ અને વરસાદને આપણી જાતનું શુદ્ધિકરણ કરવા દઈએ, તો પછી નક્કર પરિણામ આવતું હોય છે.

(Throbs of Nature : PP, 193 and 197)

***

કોઈ વિશિષ્ટ પ્રસંગે વરસાદ આવતો રોકવા માટે શ્રી માતાજીએ ફ્રેંચ ભાષામાં પ્રાર્થના લખી આપી હતી તે પ્રાર્થના ગુજરાતીમાં :

## સૂર્યને પ્રાર્થના

હે સૂર્ય ! અમારા મિત્ર,
વાદળોને વિખેરી નાખ,
વરસાદ પાછો ખેંચી લે.
અમારે તારાં કિરણોની જરૂર છે.
અમારે તારા પ્રકાશની જરૂર છે.
હે સૂર્ય, અમારા મિત્ર

*

## વરસાદ માટે પ્રાર્થના

વરસાદ, વરસાદ, વરસાદ, અમારે વરસાદ જોઈએ છીએ.
વરસાદ, વરસાદ, વરસાદ, અમે વરસાદની માગણી કરીએ છીએ.
વરસાદ, વરસાદ, વરસાદ, અમારે વરસાદની જરૂર છે.
વરસાદ, વરસાદ, વરસાદ, અમે વરસાદ માટે પ્રાર્થના કરીએ છીએ.

***

### ખરતો તારો

**મધુર માતાજી, એમ કહેવામાં આવ્યું છે કે જો કોઈ માણસ પૂંછડિયો તારો (ધૂમકેતુ) જુવે અને જો તે ક્ષણે તે માણસ કશાક માટે અભીપ્સા કરે, તો તે અભીપ્સા એક વર્ષ દરમિયાન પરિપૂર્ણ થાય છે. આ સાચું છે?**

તમે તેનો અર્થ સમજો છો? તે તારો દૃષ્ટિ-ગોચર હોય તે સમય દરમિયાન તે અભીપ્સાનું નિર્માણ થવું જોઈએ; તે પૂછડિયો તારો લાંબા સમય સુધી દેખાતો હોતો નથી, નહિ વારુ? જો તારો દૃષ્ટિ-ગોચર હોય તે દરમિયાન અભીપ્સાનું નિર્માણ થઈ શકે – એનો અર્થ એવો થયો કે તે તારો તો ત્યાં બધો સમય હાજર જ છે, ચેતના સમક્ષ છે – આ વસ્તુ સામાન્ય વસ્તુઓને લાગુ નથી પડતી, તેમની સાથે તેનો કશો સંબંધ નથી, એ તો આધ્યાત્મિક અભીપ્સાની વાત છે. પણ મુદ્દો એ છે કે જો તમે તે જ ક્ષણે તમારી આધ્યાત્મિક અભીપ્સાને પ્રગટ કરો – તેનું ઉચ્ચારણ કરો – એનો અર્થ એ છે કે તે તારો તમારી ચેતનાની સન્મુખ જ છે, તે તમારી ચેતના પર પ્રભુત્વ ધરાવે છે. અને એ ચોક્કસ છે કે જે વસ્તુ તમારી ચેતના પર પ્રભુત્વ ધરાવતી હોય, તેનો સાક્ષાત્કાર ખૂબ જલ્દી થઈ શકે છે.

મને તે પ્રયોગ કરવાની તક પ્રાપ્ત થઈ હતી, બરાબર આ જ પ્રયોગ. જે ક્ષણે તે તારો પસાર થતો હતો, તે જ ક્ષણે મારી ચેતનામાં ભગવાન સાથે મારા શરીર માટે તાદાત્મ્ય સિદ્ધ કરવાની અભીપ્સા મારામાં ઉદ્‌ભવી; બરાબર તે જ ક્ષણે.

અને વર્ષ પૂરું થયું તે પહેલાં તે અભીપ્સા સિદ્ધ થઈ.

પણ તેનું કારણ તે તારો ન હતો! તેનું કારણ એ હતું કે તે અભીપ્સા મારી સર્વ ચેતના પર પ્રભુત્વ ધરાવતી હતી, હું તેના સિવાય બીજો કોઈ વિચાર કરી શકતી જ ન હતી, મારે માત્ર તે તાદાત્મ્ય જ જોઈતું હતું, હું માત્ર તેનો જ વિચાર કરી શકતી, માત્ર તેને માટે જ કાર્ય કરતી. એટલે આખા જીવનનો સમય માગી લે તેવી આ સિદ્ધિ – એમ કહેવાય છે કે તે સિદ્ધ કરતાં ઓછામાં ઓછાં ૩૫ વર્ષ લાગે છે! – મને બાર માસ પૂરા થાય ત્યાર પહેલાં જ સિદ્ધ થઈ.

પણ તેનું કારણ એ હતું કે હું માત્ર તેનો જ વિચાર કરતી હતી.

હું માત્ર તેનો જ વિચાર કરતી હોવાને કારણે, જ્યારે પૂછડિયો તારો પસાર થયો કે તરત જ હું નિશ્ચિત શબ્દોમાં આ અભીપ્સા સેવી શકી કે મારે માત્ર આંતર ભગવાન સાથે તાદાત્મ્ય જ સિદ્ધ કરવું છે, કે જે વિષયની આપણે વાત કરી રહ્યાં છીએ.

એટલે તારો મહત્ત્વનો નથી, પણ અભીપ્સા મહત્ત્વની છે. તારો તો માત્ર બાહ્ય પ્રદર્શન છે, બીજું કાંઈ જ નહિ. પણ જલ્દી સાક્ષાત્કાર સિદ્ધ કરવા માટે પૂછડિયા તારાની જરૂર નથી! અસ્તિત્વનો સમગ્ર સંકલ્પ એક બિન્દુ પર એકાગ્ર થવો જોઈએ – તે જરૂરનું છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૮ : પૃ. ૧૯૬-૧૯૭)

***

**ચંદ્ર**

**તું ચંદ્ર ઉપર જવા માગે છે?**

હા, માતાજી, મારે ચંદ્ર પર જવું છે, એને માટેની કોઈ ગૂઢ રીત હોય તો.

**ગૂઢ? એ ઈતિહાસ જેટલી પુરાણી પદ્ધતિ છે.**

– ગૂઢ કરણો દ્વારા ચંદ્ર ઉપર જવા માટેની એ સહેલી રીત છે. કોઈ પણ વ્યક્તિ જઈ

શકે છે. ઘણા લોકો ગયા પણ છે.... હું પણ ચંદ્ર ઉપર જઈ આવી છું. એ તો કંઈ નથી... તારે જવું છે?

હા, માતાજી.... ત્યાં ચંદ્ર ઉપર તમે શું જોયું હતું?

**કંઈ નહિ**

માતાજી, ત્યાં ચંદ્ર ઉપર માણસો છે?

**ના, ત્યાં કશું નથી. ચંદ્ર ઉપર માણસો નથી...**

**ના, ચંદ્રમાં મને રસ નથી.** અહીં, પૃથ્વી ઉપર જ મારે કાર્ય કરવું જોઈએ.

૨૪ જૂન, ૧૯૬૯

**ચંદ્રનું સાંકેતિક મહત્ત્વ**

(પૂર્ણિમાના દિવસે જન્મેલા બાળક વિશે શ્રી માતાજીએ કહ્યું હતું :)

એનો અર્થ એ કે આધ્યાત્મિક જીવન પરત્વે એનું વલણ રહેશે, આધ્યાત્મિક જીવન પરત્વેનો એનો ઝોક ખૂબ બળવાન રહેશે. ચંદ્ર દર્શાવે છે : આધ્યાત્મિક માર્ગ.... આધ્યાત્મિક વલણ. ૩૧ માર્ચ ૧૯૬૮

(Throbs of Nature : 220-221)

***

**પૃથ્વી**

**''ભારત આધુનિક માનવજાતિની સમગ્ર મુશ્કેલીઓના પ્રતીકરૂપ બન્યું છે. ભારત એના પુનરુત્થાનનો દેશ બનશે. અને એ પુનરુત્થાન એક ઊર્ધ્વતર અને સાચા જીવન પ્રત્યેનું હશે.''**

અને સ્પષ્ટ દર્શન : જે વસ્તુએ વિશ્વના ઈતિહાસમાં પૃથ્વીને વિશ્વનું પ્રતીકાત્મક પ્રતિનિધિત્વ કરતી દર્શાવી, જેથી કાર્યની એકાગ્રતા એક બિંદુ ઉપર થઈ શકે એ જ ઘટના હવે ઘટી રહી છેઃ ભારત પૃથ્વી ઉપરની સર્વ માનવમુશ્કેલીઓનું પ્રતિનિધિત્વ કરતું થયું છે અને ભારતમાં જ એનો ઈલાજ મળશે. અને એટલે જ, એટલા માટે જ ઑરોવિલનો આરંભ કરવાનું મને જણાવવામાં આવ્યું હતું.

(The Mother : Conversation with a Disciple : Feb 3, 1968)

***

**પૃથ્વી એક પ્રકારનું ઘનીકરણ છે.**

સમગ્ર પૃથ્વી એની અંદરની સર્વ વસ્તુઓ સહિત એક પ્રકારનું ઘનીકરણ છે. એક એવી વસ્તુની એ સઘન અવસ્થા છે જે વસ્તુનું અસ્તિત્વ એવાં વિશ્વોમાં છે, જે વિશ્વોમાં આપણાં ચર્મચક્ષુઓ નિહાળી શકતાં નથી. અહીં, પૃથ્વી ઉપર અભિવ્યક્ત થયેલી પ્રત્યેક વસ્તુનું સૂક્ષ્મતર લોકોમાં કોઈ એક સ્થળે એક સત્ત્વ, એક વિચાર તેમ જ એક સારતત્ત્વ રહેલાં હોય છે. આ છે આવિર્ભાવની અનિવાર્ય એવી શરત. અને જે વસ્તુ આવિર્ભાવમાં આવે છે તેનું મહત્ત્વ તે જે મૂળ વસ્તુમાંથી આવિર્ભાવ પામી હોય છે તેના ઉપર રહેલું હોય છે. (CWM 10 : 06)

***

# To the Sea

O grey wild sea,
Thou hast a message, thunderer, for me.
Their huge wide backs
Thy monstrous billows raise, abysmal cracks
Dug deep between.
One pale boat flutters over them, hardly seen.
I hear thy roar
Call me, "Why dost thou linger on the shore
With fearful eyes
Watching my tops visit their foam-washed skies?
This trivial boat
Dares my vast battering billows and can float.
Death if it find,
Are there not many thousands left behind?
Dare my wide roar,
Nor cling like cowards to the easy shore.
Come down and know
What rapture lives in danger and o'ethrow."
Yes, thou great sea,
I am more mighty and outbillow thee.
On thy tops I rise;
'Tis an excuse to dally with the skies.
I sink below
The bottom of the clamorous world to know.
On the safe land

# સાગરને

(સવૈયાની ગત)

ભૂરા-ધૂસર ગર્જન કરતા હે સાગર દુર્દાન્ત ! તારો
મારે માટે છે સંદેશ.
ઊચકતાં જંગી મોજાં તુજ ભીમકાય વિસ્તાર સારો,
બે મોજાં વચ ગર્ત-પ્રદેશ.
ઉપર તેમની ફડફડ કરતી, જોઈ ભાગ્યે જાય એવી
ઝાંખી હોડી એક જણાય.
સાદ મને દેતું ગર્જન તુજ, ‘‘તટે રસળતો કેમ, રે ઓ ?
આંખે તારી ભય ના માય,
ફેન-ધૌત આકાશે અડતાં નીરખતો ઉત્તુંગ મારાં
મોજાંઓ કેરા ઉધમાત?
આ નાનકડી તરી સાહસે ભીડી મુજ મોજાં વિકરાલ
કેવી તર રાખે જાત,
આવી મોત મળે જો એને તો ય ન અન્ય રહેલ બીજી
એની પૂઠ અનેક હજાર ?
મુજ ગર્જન સામે સાહસ કર, તટ ના પકડી રાખ સહેલો
કાયરની માફક બેજાર.
આવ ઊતરી ને જાણી લે ભયો અને ભંગાણો માંહ્ય
પ્રહર્ષ જે કરતો વસવાટ.’’
ખરું કહ્યું તેં, સાગર ગરવા ! છે તુજથી મુજ ઓજ અદ્દકું,
તુજથી અધિક તરંગ-ઉપાડ.
તવ તરંગ-શિર પર આરોહું તે તો નભની સાથ લીલા
કરવાનું બ્હાનું જ બનેલ.
ડૂબું નીચે તે તળ કોલાહલિયા જગનું જાણવાને,
એ યે એવો છે મુજ ખેલ.

To linger is to lose what God has planned
For man's wide soul,
Who set eternal godhead for its goal.
Therefore He arrayed
Danger and diffiulty like seas and made
Pain and defeat,
And put His giant snares around our feet.
The cloud He informs
With thunder and assails us with His storms,
That man may grow
King over pain and victor of o'erthrow
Matching his great
Unconquerable soul with adverse Fate.
Take me, be
My way to climb the heavens, thou rude great sea.
I will seize thy mane,
O lion, I will tame thee and disdain;
Or else below
Into thy salt abysmal caverns go,
Receive thy weight
Upon me and be stubborn as my Fate.
I come, O Sea,
To measure my enormous self with thee.

(CWSA 2 : 207 - 08) **Sri Aurobindo**

વિશાળ માનવ આત્માએ જે પ્રભુ-નિર્મિત દેવત્વ કેરું
ધ્યેય હોય છે રાખ્યું, તેહ
સલામતી સેવવા ધરાની વિલંબનો કરનારો ખાલી
ગુમાવવાનો નિઃસંદેહ.
જલનિધિઓ શા ભય ને મુશ્કેલીના એ અર્થે જ એણે
વ્યૂહ રચી રાખ્યા તૈયાર,
પીડ - પરાજય રચિત ગ્રહ્યા છે જબરજસ્ત જાળેય એની
ચરણ આપણા આ નિરધાર.
ઘનમાં રહી ભરે ત્યાં ગર્જન, પોતાના તોફાનથી એ
આપણ પર આક્રમણ કરંત,
મનુષ્ય જેથી વિકાસ પામી દુખનો શાસક થાય, જેના
પરાજયો કેરોય દુરંત,
બૃહત અજેય નિજાત્માને એ વિરોધ કરતા દૈવ સાથે
કરી શકે સમતોલ સમાન.
લે મુજને, બન સ્વર્ગારોહણ કેરો મારો માર્ગ, મોટા
સાગર અવિનીતાત્મ નિદાન.
ગ્રહીશ તારી યાળ, કેસરી ! વશે તને આણીશ, તારી
કરીશ નહિ પરવા હું લેશ,
તારા ખારા તળનાં ગહ્વર હું સેવીશ, અગર તો તારું
વજન લઈશ ઝીલી હું બેશ.
હઠાગ્રહોએ ભરેલ મારું હોય ભલેને દૈવ, હુંયે
હઠાગ્રહી એવો જ બનીશ.
આ આવ્યો હું, સાગર ! તારે માપે માપે માપ મારાં
માહાત્મ્યોનું હું કાઢીશ.

અનુઃ શ્રી પૂજાલાલ (શ્રી અરવિન્દનાં કાવ્યો : ૧૯૪–૧૯૫)

જ્યારે તમે લડો છો ત્યારે એનો અર્થ યુદ્ધ એવો થાય છે. આમાં નાની લડાઈઓ હોય છે અને મોટી પણ લડાઈઓ હોય છે, પરંતુ મનુષ્યો દ્વારા ખેલાતાં આ યુદ્ધો, જો એવા અતિકાય રાક્ષસોની દૃષ્ટિએ જોવામાં આવે કે, દા.ત. જેમને મન મનુષ્યો કેવળ કીડીઓ કરતાં જરા પણ મોટા નથી તો એમની કેટલી અગત્ય રહે છે?.... જ્યારે તમે કીડીઓ વચ્ચે ચાલતાં યુદ્ધોને જુઓ છો ત્યારે એ તમને તદ્દન કુદરતી વસ્તુ લાગે છે! તમે એમના યુદ્ધને રસપૂર્વક જોઈને સ્મિતહાસ્ય કરો છો અને કહો છો, 'લો, આ કીડીઓએ તો લડાઈ માંડી છે.' હવે આ જ રીતે આ વિશ્વનાં અતિકાય બળો આગળ, પૃથ્વી ઉપર લડતા માણસો કેવળ યુદ્ધ કરતી કીડીઓ સરખા હોય છે, એમને મન એનો કોઈ હિસાબ નથી હોતો. એટલે આ બધી વસ્તુઓને તમારે કેવળ માનવચેતનાની પરિમાણબુદ્ધિથી જોવી ન જોઈએ.... માણસને માટે કુદરત એક વિકરાળ વસ્તુ છે. એ એટલી બધી પ્રચંડ છે, એના પ્રભુત્વ હેઠળની શક્તિઓ અને એ જે બધી ક્રિયાઓનું સર્જન કરે છે તે બધી અત્યંત ભયંકર હોય છે. અને આપણે જે કાંઈ જાણીએ છીએ તે તો પૃથ્વી ઉપર બનતી ઘટનાઓ વિશેની વાતો જ હોય છે. બાકીના વિશ્વમાં શું બને છે તે તો તમે સીધી યા આડકતરી રીતે, એક પ્રકારના અનુમાનજન્ય જ્ઞાન વડે જાણો છો; પરંતુ આ અથડામણો અને શક્તિઓની લીલાઓ, માનવચેતનાના પ્રમાણમાં પ્રચંડ સ્વરૂપની હોય છે. આ વસ્તુઓ એવી હોય છે જે મનુષ્યના આયુષ્યના પ્રમાણમાં લગભગ અનંતકાળ સુધી ચાલતી રહેતી લાગે છે. એટલે, અવકાશની ભૂમિકામાં એ વસ્તુઓ અમેય હોય છે, કાળની ભૂમિકામાં પણ એ વસ્તુઓ અમેય હોય છે, અને માનવ ચેતના માટે એ બધું એની બુદ્ધિની પકડની બહારનું હોય છે. પરંતુ આ બળોની દૃષ્ટિએ, મનુષ્યનાં પરિમાણો અને ગતિઓની સરખામણી પેલી ઊભરાતી કીડીઓના પ્રમાણ જેટલી કે કદાચ એથી પણ ઓછી હોય છે : એમને માટે એ બધું લગભગ સરખું હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૩૮૬-૮૭)

# વૃક્ષ – વિકાસનું પ્રતીક

**માતાજી, વૃક્ષ શેનું પ્રતિનિધિત્વ કરે છે?**

વૃક્ષ એક જીવંત વસ્તુ છે, જે વિકાસ પામે છે, જે ઊંચું થાય છે, જે કાર્ય કરે છે, જેની અંદર રૂપાંતરકારી શક્તિ હોય છે. વૃક્ષ આ વસ્તુઓ દર્શાવે છે – જીવન, ઉત્સાહ, પોતાની જાતને તાજા કરવાની અભીપ્સા. એ છે વિકાસનું પ્રતીક.

## A Tree

A tree beside the sandy river-beach
Holds up its topmost boughs
Like fingers towards the skies they cannot reach,
Earth-bound, heaven-amorous.

This is the soul of man. Body and brain
Hungry for earth our heavenly flight detain.

**CWSA 2 : 207** **Sri Aurobindo**

**એક તરુ** (હરિગીત)

રેતાળ ભાઠે સરિતના ઊભેલ તરુ કો એક, તે
નિજ છેક ઉપરતણી કરી ઊંચી બધી શાખા રહ્યું
અંગુલિ સમી આકાશને અડવા, અડ્યું ના જાય તે,
અવબદ્ધ ભૂતળ સાથ એ સ્વર્ગાર્થ પ્રીત કરી રહ્યું.

માણસ તણો છે આત્મ આવો; તન તથા મગજી મને
છે ક્ષુધિત ભૂતળ કાજ, બાધક દિવ્ય ડયને જે બને.

**અનુ. શ્રી પૂજાલાલ** **શ્રી અરવિન્દનાં કાવ્યો : ૧૯૩**



## કુદરતી આફતો

**'કોઈકે એમ કહ્યું છે કે પ્રકૃતિમાં જે ઝંઝાવાતો, ધરતીકંપો, જલપ્રલયો વગેરે થાય છે, જમીનના ખંડોના ખંડો ડૂબી જાય છે તે બધું પાપી અને ક્લેશપૂર્ણ માનવજાતિને આભારી છે. માનવજાતિ જેમ જેમ પ્રગતિ અને વિકાસ સાધતી જશે તેમ તેમ સ્થૂળ પ્રકૃતિમાં પણ તેને અનુકૂળ ફેરફારો બની આવશે. આમાં કેટલું સત્ય છે?'**

આ પ્રચંડ ઉત્પાતો અને વિનાશોથી ભરેલી પ્રકૃતિમાં અને ક્લેશથી ઊભરાતી માનવજાતિમાં એક જ ચેતનાની ક્રિયા વ્યક્ત થાય છે, એમ કહેવામાં કદાચ વધારે સત્ય રહેલું છે. એટલે કે પ્રકૃતિ અને મનુષ્ય એ બે વચ્ચે કાર્યકારણનો સંબંધ નથી, પરંતુ તે બન્ને એક જ ભૂમિકા ઉપરની વસ્તુઓ છે. એમનાથી ઊર્ધ્વમાં એક એવી ચેતના આવી રહેલી છે જે પૃથવી ઉપર પોતાનો આવિર્ભાવ કરવા, અહીં દેહ ધારણ કરવા ઇચ્છે છે. સ્થૂળ પાર્થિવ તત્ત્વમાં અવતરણ કરવા જતાં તેને મનુષ્યમાં અને સ્થૂળ પ્રકૃતિમાં સર્વત્ર એક જ પ્રકારનો વિરોધ નડે છે. પૃથ્વી ઉપર આપણે જે અવસ્થા અને વિસંવાદ નિહાળીએ છીએ તે સઘળું આ વિરોધનું પરિણામ છે. સંકટો, હોનારતો, ઝઘડાઓ અને ક્રૂરતા, અજ્ઞાન વગેરે સઘળાં દુરિતોનું મૂળ એક જ છે. બાહ્ય પ્રકૃતિનું કારણ માનવ નથી, તેમ માનવનું કારણ બાહ્ય પ્રકૃતિ નથી. એ બન્ને આધાર તરીકે તેમની પાછળ આવી રહેલી અને તેમનાથી મહત્તર, બંનેને સામાન્ય એવી એક ઊર્ધ્વ ચેતના છે. એ ઊર્ધ્વ ચેતનાને પ્રકટ કરવા માટે આ પાર્થિવ સૃષ્ટિમાં ક્રમે ક્રમે વધતા પ્રમાણમાં અસ્ખલિતપણે એક ક્રિયા ચાલી રહી છે. અને મનુષ્ય તેમ જ પ્રકૃતિ એ ક્રિયાના અંશ રૂપે આવેલા છે.

હવે જો પૃથ્વી ઉપર કોઈક સ્થળે પણ, આ દિવ્ય ચેતનાના એકાદ અંશને પણ વિશુદ્ધ રૂપે લાવી શકે તેવી ગ્રહણશક્તિ અને ઉન્મુખતા જાગ્રત થયેલી વિદ્યમાન હોય તો સ્થૂલમાં થઈ રહેલું પેલું અવતરણ અને આવિર્ભાવ મનુષ્યના કેવળ આંતર જીવનને જ નહિ, પણ સ્થૂળ પરિસ્થિતિને મનુષ્ય અને પ્રકૃતિમાં થતા તેના સ્થૂલ આવિર્ભાવને પણ પલટી શકે છે. એવા અવતરણનો આધાર માનવજાતિની સમગ્ર તરીકેની સામુદાયિક સ્થિતિ ઉપર રહેલો નથી. જીવનમાં જ્ઞાન-જ્યોતિને ઊર્ધ્વમાંથી ઉતારી લાવી શકે તથા સ્થૂળ પ્રકૃતિની પરિસ્થિતિને અને પ્રકૃતિની ગતિને બદલી નાખી તેમનું રૂપાંતર કરી શકે એવી બળવાન અભીપ્સા, એકતા અને સંવાદવાળી સ્થિતિને માનવજાતિનો મોટો ભાગ પ્રાપ્ત કરે ત્યાં સુધી આપણે વાટ જોવાની હોય તો આપણે માટે ઘણી જ ઓછી આશા છે એમ કહી શકાય. પણ એ સંભવિત છે કે એક વ્યક્તિ, યા તો નાનો સમુદાય અથવા અમુક સંખ્યા એ અવતરણને સિદ્ધ કરી શકે. આ વિષયમાં જથ્થો કે વિસ્તારનું મહત્ત્વ નથી. દિવ્ય ચેતનાનું એક બિંદુ માત્ર પણ પૃથ્વીની ચેતનામાં પ્રવેશ કરે તેની સાથે અહીંની સઘળી વસ્તુઓને બદલી નાખી શકે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૪૧-૪૨)

***

કોઈ ઠેકાણે ધરતીકંપ થાય અથવા કોઈ જ્વાળામુખી ફાટી નીકળે અને ત્યાં પાસે માણસોની વસ્તી હોય અને આ ઘટનાને કારણે તેમનાં મરણ નીપજે તો દેખીતી રીતે એ માણસોને માટે એ એક હોનારત હોય, પણ આપણે એમ પણ વિચારી શકીએ કે કુદરતને માટે એ સરસ મજાક હોય! આપણે એમ કહીએ છીએ કે, કેવો ભયંકર પવન ફુંકાય છે! ત્યારે સ્વાભાવિક રીતે, માણસને માટે એ 'ભયંકર' હોય છે પણ કુદરતને માટે નહિ. એમાં પ્રશ્ન પ્રમાણનો છે, નહિ? એમાં પોતાની જાતને અભિવ્યક્ત કરવા માગતી ઊર્ધ્વ શક્તિ અને તેની સામે વિરોધ કરતી પ્રકૃતિને ચિત્રમાં લાવવાની જરૂર છે કે કેમ તે હું નથી જાણતી, એ શક્ય છે, પણ અનિવાર્ય નથી. એ વસ્તુ તદ્દન સહેલાઈથી સમજાય તેવી છે કે આ પ્રકારની ઘટનાઓ કેવળ પ્રકૃતિની મહાબલી શક્તિઓ સાથેની રમત હોય છે અને તેને માટે તો એ વસ્તુ એક મનફેર હોય છે, ગમે તેમ તોય એમાં કોઇ હોનાહાની જેવું નથી હોતું. કારણ કે કુદરતની ચેતના માટે અથવા તો ભૌતિક ચેતના માટે, ભૌતિક ક્લેવરો અને પૃથ્વી ઉપરની માનવજાત કેવળ કીડીઓ જેવાં હોય છે! તમે પોતે પણ જ્યારે ચાલતા હો છો ત્યારે કીડીઓ ચગદાઈ ન જાય તે માટે રસ્તો છોડી ચાલતા નથી, સિવાય કે તમે ચૂસ્ત 'અહિંસક' વ્યક્તિ હો! તમે ચાલો છો, અને એમ કરવામાં તમારાથી સો-બસો કીડીઓ ચગદાઈ જાય તો એનો ઉપાય નથી! ત્યારે, પ્રકૃતિને માટે પણ એવું જ છે. એ આગળ પ્રગતિ કર્યે જાય છે અને તેની કૂચના માર્ગમાં એનાથી કેટલાક હજાર માણસોનો સંહાર થઈ જાય તો તેને માટે એની અગત્ય નથી હોતી, એ ફરીથી થોડાક લાખ માણસો બનાવી શકે છે! એમાં એને કોઈ મુશ્કેલી પડતી નથી.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : પૃ. ૨૦૪-૨૦૫)

***

**પ્રલય**

વિકાસની સમગ્ર પ્રક્રિયા, કંઈ નહિ તો પૃથ્વી ઉપર, (ગ્રહો પરની પરિસ્થિતિ વિશે હું જાણતી નથી,) પૃથ્વી પર તો એવું છે જ. અને કદાચ, વિશ્વોમાં પણ (ખગોળશાસ્ત્રના ઈતિહાસ વિશે હું બહુ જાણતી નથી.) – એમને માહિતી છે કે વિશ્વો સ્થૂળ રીતે વિનાશ પામ્યાં હતાં, વિશ્વના અંત વિશે સ્થૂળ વિગતો ઈતિહાસમાં નોંધાયેલી છે? પ્રણાલી આપણને જણાવે છે કે વિશ્વનું સર્જન થયું છે, પછી પ્રલયમાં એ વિનાશ પામી ગયું હતું, ફરી નવું વિશ્વ અસ્તિત્વમાં આવે છે... અને એમના મત મુજબ આપણું આ વિશ્વ છે સાતમું વિશ્વ. આ વિશ્વનો પ્રલય નહિ થાય, કારણ આ સાતમું વિશ્વ છે, આ વિશ્વ પ્રગતિ કરતું જ રહેશે, પીછેહઠ વગર. આ કારણે જ, હકીકતમાં માનવસ્વરૂપમાં સ્થાયિત્વ અને અવિરત પ્રગતિની જરૂરિયાત અનુભવાય છે. – કારણ એને માટેનો સમય આવી ગયો છે.

(The Mother : Conversation with a Disciple : November 13, 1963)

***

# પ્રકૃતિ અને નૂતન સર્જન

**હે પ્રકૃતિ, ભૌતિક મૈયા, તેં જણાવ્યું છે કે તું સહકાર આપીશ અને તારા સહકારની ભવ્યતાની કોઈ સીમા નથી.**

**શ્રી માતાજી**

(૧ જાન્યુઆરી ૧૯૫૮નો નવા વર્ષનો સંદેશ)

***

આપણા એક વર્ગમાં[૧] મેં કહ્યું હતું કે અખૂટ સર્જન કરતી પ્રકૃતિ પાસે અમર્યાદિત વિપુલતા છે. પ્રકૃતિ વસ્તુઓના સમૂહોને હાથમાં લે છે, તેમને મિશ્રિત કરે છે. વળી પાછી તેમનું વિઘટન કરે છે, તેમને ફરી નવો ઘાટ આપે છે. તેમનો સંહાર કરે છે જેથી તે નવીન મિશ્રણો, સંઘટનો પ્રત્યે ગતિ કરી શકે. મેં કહ્યું હતું કે એ એક મોટો ચરુ છે. પ્રકૃતિ તેમાં રહેલી વસ્તુઓને હલાવે છે, કાંઈક બહાર લાવે છે, તે રૂપ તેને સારું લાગતું હોતું નથી, એટલે ફરી તેને તે ચરુમાં નાંખે છે અને બીજી કોઈ વસ્તુને બહાર લાવે છે! એક, બે, કે સો રૂપો તેને મન મહત્ત્વનાં નથી હોતાં; હજારો, લાખો રૂપો હોય છે. સો, હજાર, લાખો વર્ષો તેને માટે મહત્ત્વનાં નથી હોતાં; તેની પાસે તો શાશ્વતી પડી છે; એ વાત તદ્દન સ્પષ્ટ છે કે પ્રકૃતિને તેમ કરવામાં મજા પડતી હોય છે, તે ઉતાવળમાં નથી હોતી. જો તેને એમ કહેવામાં આવે કે તું ઝડપ કરીને તારું કામ જલ્દી પૂરું કરી લે તો તે હંમેશાં એક જ જવાબ આપે છે કે મારે શા માટે તેમ કરવું જોઈએ? શું તમને આમાં મજા નથી પડતી?

આજે સાંજે મેં તમને આ વસ્તુઓ વિશે વાત કરી હતી. મેં મારી જાતનું પ્રકૃતિ સાથે સંપૂર્ણ તાદાત્મ્ય કર્યું હતું, હું તેની રમતમાં જોડાઈ હતી. તે તાદાત્મ્યની ગતિનો એક પ્રત્યુત્તર મળ્યો હતો; પ્રકૃતિની અને મારી વચ્ચે એક પ્રકારનો નવીન, ગાઢ પરિચય સધાયો હતો, વધતી જતી નિકટતાની તે એક લાંબા સમય સુધી ચાલેલી ગતિ હતી, જે એક અનુભૂતિમાં પરિણમી, જે ૮મી નવેમ્બરે મને પ્રાપ્ત થઈ હતી.

પ્રકૃતિ એકદમ સમજી ગઈ. તે સમજી ગઈ કે હમણાં જ જન્મ પામેલી આ નવીન ચેતના મારો ઈન્કાર કરવા નથી માગતી, પણ સમગ્રપણે મને આલિંગન આપવા માગે છે. તે સમજી ગઈ કે આ નવીન આધ્યાત્મિકતા જીવનથી વિમુખ બનવા નથી માગતી, મારી ગતિની ભીષણ વિપુલતાથી ડગી જઈને દૂર ભાગી જવા નથી માગતી, પણ મારી બધી બાજુઓનો સમન્વય સાધવા માગે છે. તે સમજી ગઈ કે અતિમાનસ ચેતના મને ન્યૂન બનાવવા નથી માગતી, પણ મને પરિપૂર્ણ બનાવવા માગે છે.

---

૧. ૩૦ ઓક્ટોબર ૧૯૫૭

પછી  પરમ વાસ્તવિકતામાંથી આ આદેશ મળ્યો કે; હે પ્રકૃતિ, સહકારના આનંદ પ્રત્યે જાગૃત થા. પ્રકૃતિ આનંદના એક મહાન આવેગમાં આગળ ધસી આવી અને બોલી કે હું તમારો આદેશ માથે ચઢાવું છું, હું સહકાર આપીશ. તેજ વખતે, એક પરિપૂર્ણ શાંતિ પથરાઈ ગઈ, જેથી શરીરનું પાત્ર, ભાંગી ગયા સિવાય, કશું પણ ગુમાવી બેઠા સિવાય, પ્રકૃતિના આ આનંદના બળવાન પૂરને ઝીલી શકે, પોતામાં સમાવી શકે; તે આનંદ પ્રકૃતિમાં પેદા થયેલી આભારની લાગણીમાંથી જન્મ્યો હતો. પ્રકૃતિએ તે વાત સ્વીકારી લીધી. પોતાની આગળ પડેલી શાશ્વતી સાથે, તેણે જોયું કે અતિમાનસ ચેતના જે મને સંપૂર્ણપણે પરિપૂર્ણ બનાવવા માગે છે, મારી ગતિને વધારે બળ આપવા માગે છે, મારી લીલાને વધારે વિશાળતા અને શક્યતાઓ આપવા માગે છે.

પૃથ્વીના સર્વ ખૂણાઓમાંથી આવતા હોય તેમ, મેં ઓચિંતા તે મહાન સ્વરના સરોદો સાંભળ્યા, જેમને કોઈક વાર માણસ પોતાના સૂક્ષ્મ ભૌતિકમાં સાંભળે છે. તે સરોદો બીથોવનના ડી મેજોરમાં સંભળાતા સરોદો જેવા હતા, જે સરોદો પ્રગતિ સિદ્ધ  થતાં સંભળાતા હોય છે. જાણે કે પચાસ ઓરકેસ્ટ્રાઓ એકીસાથે સંવાદિતામાં સંભળાતી ન હોય! તેમાં એક પણ સૂર ખોટો ન હતો. પ્રકૃતિ અને આત્મા વચ્ચેના આ નવીન પારસ્પરિક સંબંધના આનંદને અભિવ્યક્ત કરવા તે સરોદો સંભળાતા હતા. ખૂબ સમયથી વિખૂટા પડેલા બે મિત્રોના મિલનના આનંદને તે સરોદો વ્યક્ત કરતા હતા.

પછી આ શબ્દો આવ્યા; ''હે પ્રકૃતિ, ભૌતિક મૈયા, તેં જણાવ્યું છે કે, તું સહકાર આપીશ; તારા સહકારની ભવ્યતાની કોઈ સીમા નથી.''

આ રીતે નૂતન વર્ષનો સંદેશ જન્મ્યો હતો.   (શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : પૃ. ૨૨૯થી ૨૩૧)

***

મધુર માતાજી, મને આ વાક્ય ન સમજાયું કે ''ઉત્ક્રાન્તિમય પ્રકૃતિની પહેલાંની અવસ્થાઓમાં આપણે પ્રકૃતિની અચેતનતાની મૂંગી નિગૂઢતા જોઈએ છીએ.'' મધુર માતાજી, આ નિગૂઢતા શું છે?

પ્રકૃતિનો ઈરાદો? શરૂઆતથી જ શ્રી અરવિંદે તે કહ્યું છે કે પદાર્થતત્ત્વના હાર્દમાં, ઊંડાણોમાં નિગૂઢ પરમાત્માની હાજરી પહેલેથી જ રહેલી છે; સર્વ પાર્થિવ ઉત્ક્રાન્તિ, સૃષ્ટિ પોતાના મૂળ ઉદ્‌ગમસ્થાનમાં, પરમાત્મામાં પાછી જાય તેટલા માટે થતી હોય છે. જે પરમાત્મા દરેક વસ્તુના કેન્દ્રમાં રહેલા છે. પ્રકૃતિનો આ ઈરાદો છે.

વિશ્વ એ પરમાત્માનું દૃશ્યીકરણ છે; તે પોતાની જાતને દૃશ્ય બનાવતા હોય છે, જેથી તે પોતાની જાતને જોઈ શકે, જીવી શકે, જાણી શકે, જેથી એવું અસ્તિત્વ એવી ચેતના શક્ય બને જે પોતાના ઉદ્‌ગમસ્થાનને જાણવા અને સર્જનમાં તેનો સભાનપણે આવિર્ભાવ કરી તેમાં એકરૂપ બની શકે. વિશ્વના સર્જન માટે બીજો કોઈ હેતુ નથી. પૃથ્વી વૈશ્વિક જીવનની એક પ્રતીકમય, ઠરી ગયેલી સ્થિતિ છે, ઓછાપણું છે, સઘનીકરણ છે,

જેથી ઉત્ક્રાન્તિનું કાર્ય સહેલાઈથી બની શકે, તેનું અનુસરણ વધારે સહેલું બની શકે. જેમ જેમ આપણે પૃથ્વીનો ઈતિહાસ જોઈશું, તેમ તેમ સૃષ્ટિનું સર્જન શા માટે થયું છે તે આપણે સમજી શકીશું. ભગવાન સનાતન સર્જનમાં પોતાની જાતથી સભાન બનતા હોય છે. તેનો હેતુ સૃષ્ટિની સ્રષ્ટા સાથે એકરૂપતા બને તે છે. તે એકરૂપતા સભાન, મરજીપૂર્વકની, અને આવિર્ભાવમાં સ્વતંત્ર હોવી જોઈએ.

તે પ્રકૃતિનું રહસ્ય છે. પ્રકૃતિ એ કાર્ય કરનારી શક્તિ છે, તે આ કાર્ય કરી રહી છે.

તે આ સૃષ્ટિને પોતાના હાથમાં લે છે, જે સૃષ્ટિ તદન અચેતન દેખાય છે, પણ જેનામાં પરમ ચેતના અને પરમ વાસ્તવિકતા સમાવિષ્ટ છે. તે કાર્ય કરી રહી છે, જેથી આ બધાંનો વિકાસ થઇ શકે, સર્વ આત્મસભાન થઈ શકે અને પોતાનો પરિપૂર્ણ સાક્ષાત્કાર સાધી શકે. પણ શરૂઆતથી જ તે વાત તે બતાવતી હોતી નથી. તે ધીમે ધીમે વિકાસ પામે છે, અને તેથી શરૂઆતમાં તે એક રહસ્ય હોય છે. જેનો ભેદ, જેમ જેમ તે અંતની નજીક જશે તેમ તેમ ઉકેલાશે. માણસ ઉત્ક્રાન્તિની એવી ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યો છે, કે તે આ રહસ્ય પરના આવરણને દૂર કરી શકે, જે વસ્તુ દેખીતી અચેતનતામાં કરવામાં આવી હતી, તેને તે સચેતનતાપૂર્વક કરી શકે. મરજીપૂર્વક, ખૂબ ઝડપથી, અને સાક્ષાત્કારના સિદ્ધિના આનંદપૂર્વક કરી શકે.

માણસમાં જોઈ શકાય છે કે તેની આધ્યાત્મિક વાસ્તવિકતાનો વિકાસ થઈ રહ્યો છે, તે વાસ્તવિકતા પોતાની જાતને સંપૂર્ણપણે અને મુક્ત રીતે વ્યક્ત કરી રહી છે. પશુમાં તથા વનસ્પતિમાં, તે જોવા માટેનું સ્પષ્ટ દર્શન જરૂરી હતું, પણ માણસ તો આ આધ્યાત્મિક વાસ્તવિકતાથી પોતે જાતે જ સભાન છે. ક્રમથી ક્રમ, તેના અસ્તિત્વના ઉચ્ચતર ભાગમાં. તેનું પરમ ઉદ્ગમ સ્થાન તેની પાસે શું કરાવવા માગે છે તે માનવ જાણતો હોય છે, તે કાર્ય કરવામાં તે સહકાર આપતો હોય છે.

પ્રકૃતિ માગે છે કે સૃષ્ટિદૃશ્યીકરણમાં સર્જનહાર પોતે છે તે જાણે, પોતાની અને સર્જનહારની વચ્ચે ભેદ નથી તે જાણે, સચેતન અને સિદ્ધ થયેલી એકરૂપતા એ લક્ષ્ય છે તે જાણે. આ પ્રકૃતિનું રહસ્ય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૯ : પૃ. ૨૯૫-૨૯૬)

***

## પ્રકૃતિ અને મા

હાલનું સર્વિસ ટ્રી, જેના ઉપર અનેક કાવ્યો લખાયાં છે તે વર્ષ ૧૯૩૦માં રોપવામાં આવ્યું હતું. એટલે પુરાણા મકાનનો પાયો, એની બધી જ ઇંટો સહિત દૂર કરી દેવામાં આવ્યો હતો. પછી એમાં નવી માટી, પર્ણસહિત પૂરવામાં આવી હતી. એ સમયે મજૂરો રાખવામાં આવતા ન હતા. સાધકોએ જાતે મૂળ પાયો કાઢી નાખીને કાટમાળને ભારે કોશ અને પાવડાઓથી દૂર કર્યો હતો. ફોલ્લા પડી ગયેલા હાથ સહિત સાધકો કાર્ય



**The Service Tree**

કરતા રહ્યા હતા, શારીરિક શ્રમ કરીને તેઓએ એ સ્થાનને સ્મિત સમર્પતું નંદનવન બનાવી દીધું હતું.

સર્વિસ ટ્રીની આસપાસની જમીન જ્યારે ખોદવામાં આવી રહી હતી ત્યારે એ વૃક્ષનાં એક કે બે મૂળિયાં કપાઈ ગયાં હતાં. શ્રી માતાજીને એ વાતની જાણ કરવામાં આવી તે વખતે તેમણે પોતાની સખત નારાજગી દર્શાવી હતી અને કહ્યું હતું કે સર્વિસ ટ્રીનું કોઈ મૂળ કે કોઈ ડાળી કપાઈ ના જાય એનું પૂરું ધ્યાન રખાવું જોઈએ. શ્રી અરવિન્દના દેહત્યાગના ૨૦ દિવસ અગાઉ આશ્રમના એક વડીલ સાધકને એવું સ્વપ્ન-દશ્ય દેખાયું હતું કે શ્રી અરવિન્દ એમના કક્ષની બહાર આવી ગયા છે અને એક મોટા વૃક્ષ નીચે એના થડને અઢેલીને બેઠા છે. એમનાં ચરણ એમણે સામી બાજુ લંબાવેલા હતા. આશ્ચર્યચકિત થઈને સ્વપ્ન દરમિયાન જ એમણે સેવકોને પૂછ્યું હતું: ‘પ્રભુ અહીં કેમ બેઠા છે ? સેવકોએ જવાબ આપ્યો હતો: ‘હવેથી પ્રભુ અહીં જ રહેશે.’ એ સાધક એ જવાબનો અર્થ સમજી શક્યા નહિ એટલે એ સ્વપ્ન તે પોતાના મનની વિકૃત કે અશુદ્ધ અભિવ્યક્તિ હશે એમ માનીને એ સ્વપ્નને તેઓ ભૂલી ગયા. કોઈને પણ, શ્રી માતાજીને પણ તેમણે પોતાના

એ સ્વપ્ન વિશે વાત કરી ન હતી. પછી પથી ૯ ડિસેમ્બરના ઐતિહાસિક દિવસો દરમિયાન રોજ એમને શ્રી અરવિન્દનાં દર્શન થતાં હતાં. શ્રી અરવિન્દના કક્ષમાં જ્યાં એમનો દેહ હતો ત્યાં તેઓ દિવસ દરમિયાન એકથી વધુ વખત દર્શનાર્થે જતા હતા. તે સમયે તેઓ પોતાના સ્વપ્ન તેમ જ એની વિગતોને ભૂલી ગયા હતા. છેવટે શ્રી અરવિન્દના દેહને સર્વિસ ટ્રી નીચે તૈયાર કરાયેલા ભોંયરામાં ઉતારવામાં આવી રહ્યો હતો તે દશ્ય એમણે નિહાળ્યું કે તુર્ત જ પેલું સ્વપ્ન-દશ્ય એમની આંખો સમક્ષ પ્રત્યક્ષ થયું હતું. અને એનો અર્થ એમને સ્પષ્ટપણે સમજાઈ ગયો હતો. થોડા દિવસ બાદ એમને તક મળી ત્યારે શ્રી માતાજીને તેમણે પોતાના સ્વપ્ન વિશે જણાવ્યું હતું. શ્રી માતાજીએ જણાવ્યું હતું : 'સાચે જ એ પૂર્વસૂચક સ્વપ્ન હતું.'

***

**પ્રશ્ન :–** છોડવાઓ તથા પુષ્પો સાથે સારી રીતે વર્તવા માટે આપણી ચેતનાનો વિકાસ કઈ રીતે સાધવો ?

**શ્રી માતાજીનો ઉત્તર :–** સૌ પ્રથમ તમારે શાન્ત રહેતાં શીખવું જોઈએ. પછી ચેતનામાં જે બનતું રહે એની કાળજીપૂર્વક નોંધ રાખો.

***

***તમે જ્યારે તમારા વિકાસની કક્ષામાં એક પગથિયું વધુ ઊંચે ચડો અને જે વસ્તુ એક ગુલાબનું ફૂલ અભાનપણે કરે છે, તે જ વસ્તુ તમે સભાનપણે કરો તો પછી એ એક અતિશય સુંદર વસ્તુ બની રહે છે.***

***શ્રી માતાજી***


Sri Aurobindo

# સાવિત્રી મહાકાવ્યની પસંદગીની પંક્તિઓ

('સાવિત્રી' નો ગુજરાતી અનુવાદ શ્રી પૂજાલાલનો છે.)

**Hand of Nature sculpturing men**

Pain is the hand of Nature sculpturing men
To greatness: an inspired labour chisels
With heavenly cruelty an unwilling mould.
Implacable in the passion of their will,
Lifting the hammers of titanic toil
The demiurges of the universe work;
They shape with giant strokes their own; their sons
Are marked with their enormous stamp of fire.
Although the shaping god's tremendous touch
Is torture unbearable to mortal nerves,
The fiery spirit grows in strength within
And feels a joy in every titan pang.
He who would save himself lives bare and calm;
He who would save the race must share its pain:
This he shall know who obeys that grandiose urge.
The Great who came to save this suffering world
And rescue out of Time's shadow and the Law,
Must pass beneath the yoke of grief and pain;
They are caught by the Wheel that they had hoped to break,
On their shoulders they must bear man's load of fate.
Heaven's riches they bring, their sufferings count the price
Or they pay the gift of knowledge with their lives.

Savitri: 444-45

**પ્રકૃતિનો હસ્ત ઘડે છે મનુષ્યને**

દુઃખ છે પ્રકૃતિકેરો હસ્ત જે કાઢતો ઘડી
કંડારીને મનુષ્યોને મહિમાના સ્વરૂપમાંઃ
દૈવી નિર્દયતા સાથે પ્રેરાયેલો પરિશ્રમ
ટાંકણાથી ઘડી કાઢે અનિચ્છુ એક ઢાળને.
ધગશે પૂર્ણ સંકલ્પે અતિઘોર શ્રમના ઘણ ઊંચકી

વિશ્વના વિશ્વકર્માઓ દુરારાધ્ય વિશ્વના શિલ્પકાર્યમાં
કામે લાગી રહેલ છે;
પ્રૌઢ પ્રહારથી તેઓ પોતનાં પોતાને ઘડે;
પ્રચંડ અગ્નિમુદ્રાથી ઓળખાઈ એમના પુત્ર આવતા.
જોકે સ્પર્શ મહાઘોર ઘાટ દેનાર દેવનો
મર્ત્ય નાડીયંત્ર માટે છે અસહ્ય રિબામણી,
છતાં આગ્નેય આત્માનું બઢે છે બળ ભીતરે
ને પ્રત્યેક મહાપીડા એને આનંદ આપતી.
પોતાનું જે પરિત્રાણ પ્રાર્થે તેણે
રહેવાનું છે સાદા શાંત ભાવમાં;
જાતિનું જે પરિત્રાણ પ્રાર્થે તેણે
ભાગ પડાવવાનો છે જાતિના દુઃખની મહીંઃ
સુભવ્ય પ્રેરણાનું જે કરે છે અનુવર્તન
તેણે આ જાણવું રહ્યું.
આવે છે જે મહાત્માઓ આ દુઃખાર્ત્ત દુનિયાને બચાવવા,
કાળની છાયમાંથી ને કર્મના કાયદાથકી
આવે છે જે ઉગારવા
તેમને શોક ને દુઃખે જોતરાઈ જવાનું છે જરૂરનું;
જે ચક્ર તોડવાની તે આશાઓ હોય રાખતા
તેનાથી છે તે પોતે પકડાયલા
માનવી ભાગ્યનો ભાર વહેવાનો છે ખભા પર એમણે.
સ્વર્ગ-સંપત્તિ લાવે તે અને મૂલ્ય તેમનાં દુઃખ ચૂકવે.
યા તો સ્વ-પ્રાણથી તેઓ ભરપાઈ કરે છે જ્ઞાન-દાનની.

**The inner war**

A dark concealed hostility is lodged
In the human depths, in the hidden heart of Time
That claims the right to change and mar God's work.
A secret enmity ambushes the world's march;
It leaves a mark on thought and speech and act:
It stamps stain and defect on all things done;
Till it is slain peace is forbidden on earth.
There is no visible foe, but the unseen
Is round us, forces intangible besiege,
Touches from alien realms, thoughts not our own

Overtake us and compel the erring heart;
Our lives are caught in an ambiguous net.
An adversary Force was born of old:
Invader of the life of mortal man,
It hides from him the straight immortal path.
A power came in to veil the eternal Light,
A power opposed to the eternal will
Diverts the messages of the infallible Word,
Contorts the contours of the cosmic plan:
A whisper lures to evil the human heart,
It seals up wisdom's eyes, the soul's regard,
It is the origin of our suffering here,
It binds earth to calamity and pain.
This all must conquer who would bring down God's peace.
This hidden foe lodged in the human breast
Man must overcome or miss his higher fate.
This is the inner war without escape.

Savitri : 447-448

**આંતરિક યુદ્ધ**

પ્રચ્છન્ન શત્રુતા કાળી વસી એક રહેલ છે,
પ્રભુના કાર્યને દેવા પલટાવી ને વિરૂપ બનાવવા
માટેના હકનો દાવો કરંત એ.
છૂપો છાપો વિશ્વકેરી પ્રયાત્રા પર મારવા
દુશ્મનાઈ લપાઈ એક છે રહી;
વિચાર, વાચ ને કર્મ પર ચિહ્ન મૂકી એ એક જાય છેઃ
સર્જાયેલી સઘળી વસ્તુઓ પરે
કલંકની અને ખામીતણી એ છાપ મારતી;
પૃથ્વી પર મનાઈ છે શાંતિકેરી એ ના હણાય ત્યાં સુધી.
ન કો દુશ્મન દેખાતો, આસપાસ પરંતુ અણદીઠ એ,
ઘેરો ઘાલે શક્તિઓ જે અગોચર રહેલ છે,
અજાણ્યા દેશના સ્પર્શો, વિચારો જે ન આપણા,
તે લે આપણને આંબી
ને ભૂલ કરતું હૈયું કરી વિવશ નાખતા;
સંદિગ્ધ જાળમાં એક છે ઝલાઈ ગયાં જીવન આપણાં.
જન્મ જૂના જમાનાથી વિરોધી શક્તિનો થયો;

ચડી એ આવતી મર્ત્ય માનવી જિંદગી પરે,
સીધો અમૃતનો પંથ એ એનાથી છુપાવતી.
શક્તિ એક પ્રવેશી છે ઢાંકી દેવા માટે શાશ્વત જ્યોતિને,
જે સનાતન સંકલ્પ તેની સામે છે એ શક્તિ વિરોધમાં
વાળી જુદી દિશાએ દે સંદેશા એ અમોઘ સત્ય શબ્દના,
વિશ્વની યોજનાકેરી રૂપરેખા કરી વિકૃત નાખતીઃ
પાપ પ્રત્યે પ્રલોભાવે માનવીના હૈયાને ફૂંક એક કો,
પ્રજ્ઞાનચક્ષુ ને આત્મદૃષ્ટિને એ સીલબંધ બનાવતી,
અહીંનાં આપણાં દુઃખકેરું એ આદિમૂળ છે,
મહાપત્તિ અને પીડા સાથે બાંધી પૃથ્વીને એહ રાખતી.
પ્રભુની શાંતિને જેઓ માગે નીચે ઉતારવા
તેમને આ શક્તિને જીતવી પડે.
માનવી હૃદયે વાસ કરતો ગુપ્ત શત્રુ આ
માણસે જીતવો પડે,
નહીં તો જાય ચૂકી એ ઊર્ધ્વના નિજ ભાવિને.
આ છે અંતરનું યુદ્ધ જે ટાળ્યું ટળતું નથી.

**Happy ways near to God's sun**

Yes, there are happy ways near to God's sun;
But few are they who tread the sunlit path;
Only the pure in soul can walk in light.
An exit is shown, a road of hard escape
From the sorrow and the darkness and the chain;
But how shall a few escaped release the world?
The human mass lingers beneath the yoke.
Escape, however high, redeems not life,
Life that is left behind on a fallen earth.
Escape cannot uplift the abandoned race
Or bring to it victory and the reign of God.
A greater power must come, a larger light.

CWSA 34 : 448

**પ્રભુના સૂર્યના નજીકના સખિયા માર્ગો**

હા, માર્ગો સુખિયા છે ને પ્રભુકેરા સૂર્યની છે નજીકના;
પરંતુ હોય છે થોડા ચાલે છે જે માર્ગે સૂર્યે પ્રકાશતા;

આત્મા છે જેમનો શુદ્ધ
તેઓ માત્ર ચાલવાને છે સમર્થ પ્રકાશમાં.
છે બતાવાયલો માર્ગ બ્હાર નીકળવાતણો,
શોક, અંધાર ને બેડીમહીંથી છૂટવાતણો
માર્ગ મુશ્કેલ એહ છે;
કિંતુ થોડાક છૂટેલા કઈ રીતે વિશ્વને મુક્તિ આપશે ?
સમૂહ માનવીઓનો ઝૂંસરીની નીચે વાર લગાડતો.
છૂટકારો ગમે તેવો હોય છો ઉચ્ચ, તે છતાં
જિંદગીને મોક્ષ એ નવ આપતો,
પૂઠે રહી ગઈ છે જે જિંદગી આ પતિતા પૃથિવી પરે
તેને મોક્ષ મળે નહીં.
કરી શકે નહીં મોક્ષ ઉદ્ધાર ત્યક્ત જાતિનો,
ન વા આપી શકે એને જય ને રાજ્ય ઈશનું.
આવવું જોઈએ એક
વધુ મોટી શક્તિએ ને વધુ વ્યાપક જ્યોતિએ.

*

What a joy it would be to possess the required purity!
When one is living among men with all their miseries, it is only the Grace that can bestow this state – even in those who by Tapasya have abolished their ego.
**It is beyond all personal effort.**

CWM 17 : 379

જરૂરી શુદ્ધતા પ્રાપ્ત કરવી એ કેવો તો હર્ષ હશે!
વ્યક્તિ જ્યારે એવા માનવો વચ્ચે રહેતી હોય જે લોકો પોતાનાં સર્વ દુઃખો સહિત જીવતા હોય ત્યારે માત્ર કૃપા જ આ અવસ્થા બક્ષિસ રૂપે આપી શકે. એવા લોકો, જેમણે તપસ્યા વડે પોતાના અહંકારનો નાશ કરી દીધો હોય એમને પણ માત્ર કૃપા જ આ અવસ્થાનું પ્રદાન કરી શકે. **કૃપા સર્વ વ્યક્તિગત પ્રયત્નથી પર રહેલી હોય છે.**

**શ્રી માતાજી**

*

O mortal, bear this great world's law of pain,
In thy hard passage through a suffering world
Lean for thy soul's support on Heaven's strength,
Turn towards high Truth, aspire to love and peace.
A little bliss is lent thee from above,

A touch divine upon thy human days.
Make of thy daily way a pilgrimage,
For through small joys and griefs thou mov'st towards God.

હે મર્ત્ય ! લે સહી તું આ જગકેરો મહાનિયમ દુઃખનો,
દુઃખિત દુનિયામાંના તારા મુશ્કેલ માર્ગમાં
તારા આત્માતણા આધાર-અર્થ તું
ઝૂક આશ્રય લેવાને બળનો દિવ્ય ધામના,
ઊર્ધ્વના સત્યની પ્રત્યે વળેલો રે',
પ્રેમ ને શાંતિને માટે સેવ સદભિલાષ તું.
મહાસુખતણું અલ્પ તને દાન થયું છે ઊર્ધ્વ ધામથી,
દિવ્ય સ્પર્શ તને એક થયેલો છે તારા માનવ આયખે;
રોજની જિંદગી તારી જાત્રા રૂપ બનાવ તું,
કેમ કે ક્ષુદ્ર હર્ષો ને શોકો દ્વારા જાય છે તું પ્રભુ પ્રતિ.

*

**Bliss is the Godhead's crown**

Bliss is the Godhead's crown, eternal, free,
Unburdened by life's blind mystery of pain:
Pain is the signature of the Ignorance
Attesting the secret god denied by life:
Until life finds him pain can never end.
Calm is self's victory overcoming fate.
Bear; thou shalt find at last thy road to bliss.
Bliss is the secret stuff of all that lives,
Even pain and grief are garbs of world-delight,
It hides behind thy sorrow and thy cry.
Because thy strength is a part and not God's whole,
Because afflicted by the little self
Thy consciousness forgets to be divine
As it walks in the vague penumbra of the flesh
And cannot bear the world's tremendous touch,
Thou criest out and sayst that there is pain.
Indifference, pain and joy, a triple disguise,
Attire of the rapturous Dancer in the ways,
Withhold from thee the body of God's bliss.
Thy spirit's strength shall make thee one with God,

Thy agony shall change to ecstasy,
Indifference deepen into infinity's calm
And joy laugh nude on the peaks of the Absolute.

Savitri: 454

પરમાનંદ છે તાજ શોભતો પ્રભુને શિરે,
છે એ શાશ્વત ને મુક્ત, એને માટે બોજારૂપ બની નથી
રહસ્યમયતા અંધ દુ:ખની જિંદગીતણીઃ
દુ:ખ મતું અવિદ્યાનું,
જિંદગીએ નકારેલો દેવ છે ગુપ્ત એની સાખ આપતુંઃ
એને એ ન કરે પ્રાપ્ત
ત્યાં સુધી ન કદી અંત આવવો શક્ય દુ:ખનો.
શાંતિ છે જીત આત્માની પરાસ્ત દૈવની પરે.
સહી લે; આખરે પ્રાપ્ત થશે માર્ગ તારા આનંદનો તને.
છે આનંદ જ સામગ્રી ગૂઢ જીવસમસ્તની,
દુ:ખે શોક સુદ્ધાં યે છે વાઘાઓ વિશ્વાનંદતણા અને
છે છુપાઈ રહેલો એ તારા શોક અને પોકાર પૂઠળે.
બળ આંશિક છે તારું, પ્રભુનું પૂર્ણ એ નથી,
શુદ્ર તારા સ્વરૂપે જે આક્રાંતા તે
ચેતના તુજ જાયે છે ભૂલી શ્રી ભગવાનને,
માંસમાટીતણી ઝાંખી છાયામાં ચાલનાર એ
સહી ન શકતી સ્પર્શ સુપ્રચંડ જગત્તણો,
તેથી તું ચીસ પાડે છે ને કહે છે કે છે દુ:ખ દુભાવતું.
ઔદાસીન્ય, વ્યથા, હર્ષ,– એમ વેશ ધારી ત્રણ પ્રકારના
સજ્યો પ્રહર્ષણે પૂર્ણ નટરાજ છે વાટો પર વિશ્વની,
એ ત્રણેને કારણે તું પરમાનંદનું વપુ
પ્રભુનું નવ પેખતી.
સામર્થ્ય તુજ આત્માનું તને એક પ્રભુ સાથે બનાવશે,
મહામુદામહીં તારી પલટાશે મહાવ્યથા,
ઔદાસીન્ય બની ઊંડું પલટાશે શાંતિમાંહે અનંતની,
ને કેવલાત્મને શૃંગે બ્રહ્માનંદ હસશે નગ્ન રૂપમાં.

*

"O Aswapati, random seem the ways
Along whose banks your footsteps stray or run
In casual hours or moments of the gods,
Yet your least stumblings are foreseen above.
Infallibly the curves of life are drawn
Following the stream of Time through the unknown;
They are led by a clue the calm immortals keep.

**''અશ્વપતિ!**
**આકસ્મિક ઘડીઓ ને પળોમાં દેવલોકની**
**જેને તટે પડે ભૂલાં યા દોડે પગલાં તમ,**
**તે યાદૃચ્છિક માર્ગોના જેવું જોકે જણાય છે,**
**છતાં યે સ્વલ્પથી સ્વલ્પ સ્ખલનો યે**
**તમારાં છે પૂર્વદૃષ્ટ જ ઊર્ધ્વમાં.**
**અજ્ઞાતમાં થઈ કાલસ્રોતને અનુવર્તતા**
**છે આલેખાયલા વૃત્તખંડકો જિંદગીતણા**
**એક અચૂક રીતથી;**
**પ્રશાંત અમરો જેને સાચવે છે**
**તે સંકેતસૂત્રે એ દોરવાય છે.**

*

**Fate is truth working out in Ignorance**
Fate is Truth working out in Ignorance.
O King, thy fate is a transaction done
At every hour between Nature and thy soul
With God for its foreseeing arbiter.
Fate is a balance drawn in Destiny's book.
Man can accept his fate, he can refuse.
Even if the One maintains the unseen decree
He writes thy refusal in thy credit page:
For doom is not a close, a mystic seal.
Arisen from the tragic crash of life,
Arisen from the body's torture and death,
The spirit rises mightier by defeat;
Its godlike wings grow wider with each fall.
Its splendid failures sum to victory.
O man, the events that meet thee on thy road,

Though they smite thy body and soul with joy and grief,
Are not thy fate,—they touch thee awhile and pass;
Even death can cut not short thy spirit's walk:
Thy goal, the road thou choosest are thy fate.

દૈવ છે સત્ય અજ્ઞાને કાર્ય અર્થે પ્રવર્તતું.
રાજા! પ્રકૃતિ ને તારા આત્મા વચ્ચે
પ્રત્યેક ઘટિકાએ જે સોદો ચાલી રહેલ છે
ને નિર્ણાયક છે જેમાં એને પૂર્વદૃષ્ટિથી દેખતા પ્રભુ,
તે છે પ્રારબ્ધ તાહરું,
પ્રારબ્ધ સરવૈયું છે વિધિને ચોપડે ચઢયું.
પોતાના ભાગ્યને લેવા સ્વીકારી કે નકારવા
માનવી શક્તિમાન છે.
સમર્થન કરે જોકે એક એહ અણદીઠ નિદેશનું,
તથાપિ એ લખે તારા જમાપાસે તારો ઈન્કાર ચોપડેઃ
કાં કે દુર્ભાગ્ય ના અંત, નથી સીલ નિગૂઢ એ.
ઊઠેલો જિંદગીકેરા કરુણાન્ત મહાવિધ્વંસમાંહ્યથી,
દેહની યંત્રણામાંથી અને મરણમાંહ્યથી,
આત્મા ઊંચે ચઢે હારે બનેલો બલવત્તર;
પ્રત્યેક પતને એની દૈવી પાંખો વિશાળતરતા ધરે.
એનાં સુભવ્ય વૈફલ્યો સરવાળે બની વિજય જાય છે.
માનવ! ઘટનાઓ જે તારે માર્ગે તને મળે
તે હર્ષશોકના જોકે કરે છે ઘા
તારા દેહ અને આત્માતણી પરે
છતાં તે ભાગ્ય ના તારું; સ્પર્શી જરાક એ તને
પસાર થઈ જાય છેઃ
મૃત્યુ સુદ્ધાંય કાપી ના શકે તારા આત્માના માર્ગની ગતિઃ
તારું લક્ષ્ય અને માર્ગ કરતો તું પસંદ જે
તે છે પ્રારબ્ધ તાહરું.

*

His death is a beginning of greater life,
Death is the spirit's opportunity.
A vast intention has brought two souls close

And love and death conspire towards one great end.
For out of danger and pain heaven-bliss shall come,
Time's unforeseen event, God's secret plan.
This world was not built with random bricks of Chance,
A blind god is not destiny's architect;
A conscious power has drawn the plan of life,
There is a meaning in each curve and line.

Savitri : 459-60

**છે એનું મૃત્યુ આરંભ જિંદગીનો મહત્તરા,**
**મૃત્યુ છે તક આત્મની.**
**વિશાળા આશયે એક આણ્યા છે આત્મ સંનિધે,**
**મહાન એક ઉદ્દેશ સાધવાને પ્રેમે ને મૃત્યુએ મળી**
**એક પ્રપંચ છે રચ્યો.**
**કેમ કે ભય ને દુઃખમાં થઈને સ્વર્ગનું સુખ આવશે,**
**આવશે ઘટના કાળકેરી જે ના જોવા પામે અગાઉથી,**
**થશે સિદ્ધ પ્રભુની ગુપ્ત યોજના.**
**ઇંટોથી કૈં યદૃચ્છાની અસ્તવ્યસ્ત રચાયું વિશ્વ આ નથી,**
**આંધળો દેવ ના કોઈ છે શિલ્પકાર ભાગ્યનો ;**
**યોજના જિંદગીકેરી રચનારી સચેતા એક શક્તિ છે,**
**છે એક અર્થ પ્રત્યેક રેખા ને વૃત્તખંડમાં.**

*

**The Path**
The Voice replied: "Remember why thou cam'st:
Find out thy soul, recover thy hid self,
In silence seek God's meaning in thy depths,
Then mortal nature change to the divine.
Open God's door, enter into his trance.
Cast Thought from thee, that nimble ape of Light:
In his tremendous hush stilling thy brain
His vast Truth wake within and know and see.
Cast from thee sense that veils thy spirit's sight:
In the enormous emptiness of thy mind
Thou shalt see the Eternal's body in the world,
Know him in every voice heard by thy soul,

In the world's contacts meet his single touch;
All things shall fold thee into his embrace.
Conquer thy heart's throbs, let thy heart beat in God:
Thy nature shall be the engine of his works,
Thy voice shall house the mightiness of his Word:
Then shalt thou harbour my force and conquer Death."

Savitri : 476

''આવી છે કેમ તું તેને કર યાદ,'' સૂર ઉત્તરમાં વધ્યો,
''ચૈત્ય સ્વરૂપ તારું તું શોધી કાઢ,
પુનઃપ્રાપ્ત ગુપ્તાત્મા નિજ તું કર,
ઊંડાણોમાંહ્ય તારાં તું શોધ મૌન તાત્પર્ય પરમાત્માનું
પછી દિવ્ય બનાવી દે મર્ત્ય એવા સ્વભાવને.
ઉઘાડ પ્રભુનું દ્વાર, ને પ્રવેશ પ્રભુકેરી સમાધિમાં.
વેગળો કર તારાથી વિચારને
જ્યોતિની નકલો જેહ કરે ચપળ વાંદરોઃ
પ્રભુકેરી બેશુમાર ચૂપકીમાં
તારા મસ્તિષ્કને સાવ સ્પંદહીન બનાવ તું,
વિરાટ વિભુનું સત્ય પ્રબુદ્ધ કર અંતરે,
જ્ઞાનવાન બની જા તું, બની જા દૃષ્ટિમાન તું.
આત્માની દૃષ્ટિને તારી ઢાંકી દેતી
અળગી કર તારાથી ઈન્દ્રિયજ્ઞાનલીનતાઃ
તારા મનતણી મોટી રિક્તતામાં
સનાતનતણું જોશે વપુ તું વિશ્વની મહીં,
સુણાતા તુજ આત્માથી પ્રત્યેક સ્વરની મહીં
એને તું એક જાણશેઃ
સ્પર્શોમાં સૃષ્ટિના ભેટો તને એક એના સ્પર્શતણો થશે;
લપેટી તુજને લેશે વસ્તુઓ સૌ એના આશ્લેષની મહીં.
જીતી લે તુજ હૈયાના ધબકારા,
દે તું ધબકવા તારા હૈયાને પરમાત્મમાંઃ
પ્રભુનાં કાર્ય માટેનું યંત્ર તારો સ્વભાવ બનશે, અને
તારો સ્વર બની જાશે ધામ એના શબ્દકેરા મહૌજનુંઃ
ત્યારે નિવાસ તું મારી શક્તિકેરો બની જશે
અને મૃત્યુ-માથે તું વિજયી થશે.''

*(ક્રમશઃ)*

# વૃત્ત વિશેષ

## ‘‘શ્રી અરવિન્દ શિબિર’’ ૐપુરિ

ૐપુરિ ખાતે તા. ૯થી ૧૫મી નવેમ્બર ૨૦૨૧ દરમિયાન ‘‘શ્રી અરવિન્દ શિબિર’’નું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી શરદભાઈ જોશીએ ‘‘શ્રી અરવિન્દ દર્શન, શંકરાચાર્ય તેમ જ સાવિત્રી અને વેદ’’ પર મનનીય રજૂઆતો કરી હતી. શ્રી માનસિંહભાઈ ચાવડા દ્વારા ‘‘સાધનાની સમજણ’’ વિષય પર રજૂઆત કરવામાં આવી. શ્રી નિર્મિતભાઈ ભટ્ટ દ્વારા ‘‘સુંદરમજી, અંબુભાઈ પુરાણી અને ચંપકલાલજી’’ના જીવનના પ્રસંગો રજૂ કરવામાં આવ્યા. વિદ્યાનગરથી આવેલ શ્રી વૈષ્ણવસાહેબે ગીતા આધારીત ‘‘આધ્યાત્મ-યાત્રા’’ પર મનનીય પ્રવચન આપ્યું. તેમનાં પુત્રી વિભાબેન વૈષ્ણવે ભાવભર્યાં સ્તુતિ-ભજન રજૂ કર્યાં. ગાંધીનગરના શ્રી તન્નાસાહેબે ‘‘શ્રી માતાજી અને શ્રી અરવિન્દનો સંદેશો’’ વિશે રજૂઆત કરી. શ્યામભાઈએ ‘‘સૂર્યપ્રકાશિત માર્ગની સાધના’’ તથા ‘‘સત્યનિષ્ઠા અને અભીપ્સા’’ પર વક્તવ્યો રજૂ કર્યાં. અમદાવાદથી આવેલ વિદ્યાબેને ખૂબ જ સુંદર અને ભાવવાહી શૈલીમાં સ્તુતિ-ગીતો-ભજનો રજૂ કર્યાં. આ શિબિરમાં શિબિરાર્થીઓ દ્વારા પણ પ્રવચનો રજૂ કરવામાં આવ્યાં. પ્રવીણભાઈ મોદીએ ‘‘શ્રી અરવિન્દના જીવનની ઝાંખી’’ કરાવી અને શ્રી પ્રવીણભાઈ બલિયાએ ‘‘ચંચળ મનને સ્થિર કેમ કરવું’’ વિષય પર પ્રવચન આપ્યું.

શિબિરમાં દરરોજ સવારે ધ્વજ-વંદન, ‘‘વંદેમાતરમ’’નું સમૂહગાન કરવામાં આવ્યું હતું. તથા દરરોજ સવારે શ્રી અરવિન્દ-ગાયત્રીમંત્રના સમૂહગાન સાથે ‘સૂર્યોદય’ની વંદના કરવામાં આવી. માર્ચ-પાસ્ટ પણ કરવામાં આવી. સવારે અને સાંજે ‘‘મહામંદિર’’માં શ્રી માતાજીના મ્યુઝીક સાથે દરરોજ સામૂહિક ધ્યાન પણ રાખવામાં આવ્યું હતું. તા. ૧૧મી નવેમ્બર ‘‘મહામંદિર’’નો સ્થાપનાદિન હોઈ વિશેષ કાર્યક્રમો યોજાયા. જેમાં વહેલી સવારે બોન-ફાયર, ‘‘મહામંદિર’’ ફરતે પાથ-વે પર સુંદર હારમાળામાં દરેક શિબિરાર્થી દ્વારા દીપ પ્રગટાવવામાં આવ્યા. ‘‘નિકુંજ’’ પણ સુંદર દીપમાળાથી સજાવવામાં આવ્યું હતું. તેમ જ સવારે ૧૧ કલાક, ૧૧ મિનિટ અને ૧૧ સેકંડે શ્રી માતાજીના મ્યુઝીક સાથે વિશેષ ધ્યાન કરવામાં આવ્યું હતું. દરરોજ રાત્રે ૯થી ૧૦ ‘સાંસ્કૃતિક કાર્યક્રમ’’ માં શિબિરાર્થીઓ દ્વારા કાવ્યો, ગીતો, અંતાક્ષરી, મ્યુઝીકલ-ચેર, હળવી રમૂજો, રાસ-ગરબા, સ્તુતિ-ભજન રજૂ કરવામાં આવ્યાં હતાં. ગુજરાતનાં કેન્દ્રોમાંથી અનેક સાધક ભાઈ-બહેનોએ શિબિરમાં ભાગ લીધો. ૐપુરિ કમિટી તથા ૐપુરિ કર્મચારીગણે શિબિર સફળ બનાવવામાં યોગદાન આપ્યું.

***

પ્રોફેસર ભારતસિંહ ઝાલાની ૩૧મી શ્રી અરવિન્દ સાધના શિબિર નૈનીતાલમાં તા. ૫-૫-૨૨થી તા. ૧૧-૫-૨૨ સુધી યોજવામાં આવી છે. સંપર્ક માટે : શ્રી ભારતસિંહ ઝાલા, બોટાદ. મો. ૯૪૨૬૬૯૫૧૯૮.

## ૧૫ ઑગસ્ટ ૨૦૨૧થી ૭ જાન્યુઆરી ૨૦૨૨ દરમિયાન શ્રી અરવિન્દ નિવાસ, વડોદરામાં યોજાયેલ કાર્યક્રમોની વિગતો.

* તા. ૧૫-૮-૨૦૨૧ શ્રી અરવિન્દની ૧૫૦મી જન્મ જયંતીનો પ્રારંભ.
કાર્યક્રમ : સવારે ૭.૦૦ વાગે ધ્વજવંદન અને વન્દેમાતરમ્ નું સમૂહગાન
સમૂહધ્યાન : સવારે ૧૦.૦૦થી ૧૦.૩૦ અને સાંજે ૬.૦૦થી ૬.૩૦
સાવિત્રી પઠન : સવારે ૧૧.૦૦થી ૧.૦૦ અને બપોરે ૩.૦૦થી ૫.૦૦
માર્ચપાસ્ટ : સાંજે ૫.૧૦થી ૫.૩૦
પ્રદર્શન : **વિષય :– શ્રી અરવિન્દનું જીવન અને કાર્ય**

* તા. ૯-૧૦-૨૦૨૧ અને ૧૦-૧૦-૨૦૨૧
શ્રી અરવિન્દ સોસાયટી વીમેન્સ કાઉન્સિલ દ્વારા નવરાત્રિ નિમિત્તે શ્રી માતૃસ્તુતિ તથા બેઠા ગરબા અને ફરતા ગરબાનો કાર્યક્રમ.
સમય : બન્ને દિવસ સાંજે ૫.૩૦થી ૭.૩૦

* તા. ૫-૧૧-૨૦૨૧ વિક્રમ સંવત ૨૦૭૮ના મંગલ પ્રારંભ ટાણે
સમૂહધ્યાન : સવારે ૯.૩૦થી ૧૦.૦૦ અને પ્રસાદ વિતરણ.

* તા. ૧૭-૧૧-૨૦૨૧ અને તા. ૨૦-૧૧-૨૦૨૧ શ્રી માતાજીના મહાસમાધિ દિન નિમિત્તે સમૂહ ધ્યાન : સવારે ૧૦.૦૦ થી ૧૦.૩૦ અને સાંજે ૬.૦૦થી ૬.૩૦
સાવિત્રી પઠન : સવારે ૧૦.૦૦થી ૧૨.૦૦ સાંજે ૫.૦૦થી ૬.૦૦
તા. ૧૮, ૧૯ અને ૨૧ : સાવિત્રી પઠન સાંજે ૫.૦૦થી ૭.૦૦

* તા. ૨૪-૧૧-૨૦૨૧ : સિદ્ધિદિન ધ્વજવંદન : સવારે ૭.૧૦
સમૂહધ્યાન : સવારે ૧૦.૦૦થી ૧૦.૩૦ અને સાંજે ૬.૦૦થી ૬.૩૦ બાદ પ્રસાદ વિતરણ, માર્ચપાસ્ટ : સાંજે ૫.૧૦, પ્રદર્શન (૧) શ્રી અરવિન્દના ફોટોગ્રાફ્સ - શ્રી નરેન્દ્ર પટેલ (૨) ફેબ્રિક પેઈન્ટીંગમાં પુષ્પોનાં ચિત્રો, પુષ્પોના આધ્યાત્મિક રહસ્યો તથા શ્રી માતાજીનાં પ્રતીકો સહિત. ચિત્રકાર : શ્રીમતી યુક્તાબેન ઠક્કર.
ફેબ્રિક પેઈન્ટીંગનું શ્રી અરવિન્દ નિવાસમાં યોજાયેલું આ સર્વ પ્રથમ પ્રદર્શન હતું. પ્રદર્શનને ખૂબ જ સારો પ્રતિસાદ સાંપડ્યો હતો.

* તા. ૫-૧૨-૨૦૨૧ અને તા. ૯-૧૨-૨૦૨૧ શ્રી અરવિન્દની મહાસમાધિ નિમિત્તે
સમૂહધ્યાન : સવારે ૧૦.૦૦થી ૧૦.૩૦ સાંજે ૬.૦૦થી ૬.૩૦
સાવિત્રી પઠન : સવારે ૧૦.૩૦થી ૧૨.૩૦.

તા. ૬-૭-૮ ડિસેમ્બર સાવિત્રી પઠન સાંજે ૫.૦૦થી ૭.૦૦

તા. ૧-૧-૨૦૨૨ ઈ.સ. ના નૂતન વર્ષ પ્રારંભે સમૂહ ધ્યાન સવારે ૧૦.૦૦થી ૧૦.૩૦ બાદ પ્રસાદ વિતરણ નૂતન વર્ષ સંદેશનું વિતરણ.

* તા. ૨૯-૯-૨૦૨૧ : શ્રી અરવિન્દ નિવાસ પ્રાપ્તિદિન, સુવર્ણજયંતી
Prayers and Meditation અખંડ પાઠ સવારે ૯.૦૦થી સમૂહ ધ્યાન : સવારે ૧૦.૦૦થી ૧૦.૩૦ ખાસ Message Cardનું વિતરણ, સાંજે ૬.૦૦થી ૬.૩૦ ધ્યાન પછી પ્રસાદ વિતરણ

* ઈ.સ. ૧૯૦૮માં શ્રી અરવિન્દને જે હીંચકા ઉપર નીરવ બ્રહ્મનો સાક્ષાત્કાર થયો હતો તે હીંચકાને તા. ૫-૬-૭ જાન્યુઆરી ૨૦૨૨ દરમિયાન તેની અસલ સાંકળો સહિત સજાવીને દર્શનાર્થે મૂકવામાં આવ્યો.

* શ્રી અરવિન્દની સાર્ધ શતાબ્દીના ઉપલક્ષ્યમાં આયોજિત પ્રવચનશ્રેણી અંતર્ગત **પ્રવચન–૧** - તા. ૧૧-૯-૨૦૨૧, **વિષય : અલીપુર બોમ્બ કેસ અને શ્રી અરવિન્દ. સંકલિત અંશોની રજૂઆત** : શ્રી નરેન્દ્રભાઈ પટેલ સમય : સાંજે ૬.૦૦થી ૬.૪૫

**પ્રવચન–૨** - તા. ૨-૧૦-૨૦૨૧, **વિષય : સાવિત્રી જ્ઞાન કોશ.** સમય : ૫.૩૦થી ૬.૩૦, વક્તા : શ્રી ગોપાલભાઈ આહિર.

**પ્રવચન–૩** - તા. ૧૨-૧૦-૨૧ **વિષય : તંત્ર,** શક્તિ ઉપાસના અને પૂર્ણયોગ વક્તા : શ્રી શરદભાઈ જોષી, સમય : સાંજે ૫.૩૦થી ૬.૩૦

**પ્રવચન–૪** - તા. ૨૩-૧૦-૨૦૨૧ **વિષય : પૂર્ણયોગમાં ચેતનાઓની ભૂમિકાઓ** (ધ. ડીવાઈન પ્લાન) વક્તા : શ્રી શરદભાઈ જોષી, સમય : સાંજે ૫.૩૦થી ૬.૩૦

**પ્રવચન–૫** - તા. ૩૦-૧૦-૨૦૨૧, **વિષય : શ્રી અરવિન્દની કાવ્યસૃષ્ટિ,** વક્તા : શ્રી શરદભાઈ જોષી, સમય : સાંજે ૫.૩૦થી ૬.૩૦.

*(અહેવાલ : શ્રી કૈલાસ જોશી)*

*

**'શ્રી અરવિન્દ રચિત ગ્રંથ The Life Divine નો સમૂહ અભ્યાસ' પુસ્તકનું ભગવદર્પણ અને 'ચૈત્ય પુરુષ' વિષયક પરિસંવાદ**

તા. ૨૮ નવેમ્બર, ૨૦૨૧ના રોજ શ્રી અરવિન્દ યોગ કેન્દ્ર જંત્રાલ (પંચમહાલ) મુકામે ઉપર્યુક્ત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો શુભારંભ શ્રી પૂજાલાલ રચિત ભાવવાહી ગીત 'જય જય શ્રી અરવિન્દના સુમધુર ગાનથી થયો હતો.



'શ્રી અરવિન્દ રચિત ગ્રંથ The Life Divine નો સમૂહ અભ્યાસ' પુસ્તકનું ભગવદર્પણ

ગીતગાન શ્રી વિભા વૈષ્ણવ અને સાથીદારોએ કર્યું હતું. ગીતગાન બાદ ઉપર્યુક્ત પુસ્તક જે શ્રદ્ધાવાનના મૂળ અંગ્રેજી વક્તવ્યોનો શ્રી કિરીટ ઠક્કરે કરેલો ગુજરાતી અનુવાદ છે તેનું ભગવદપર્ણ અમદાવાદ કેન્દ્રનાં શ્રીમતી તૃપ્તિ મહેતા અને શ્રી જાગૃતિબહેન પંડ્યાના શુભહસ્તે કરવામાં આવ્યું. પુસ્તકના લેખક શ્રી કિરીટ ઠક્કર, અને શ્રી અરવિન્દ યોગકેન્દ્ર જંત્રાલના શ્રી સ્મિતાબહેન પણ આ વિધિમાં સાથે જોડાયાં હતાં. પુસ્તક વિધિવત શ્રી અરવિન્દ, શ્રી માતાજીનાં ચરણકમલોમાં અર્પણ કરવામાં આવ્યું. ભગવદર્પણ બાદ શ્રી કિરીટભાઈ ઠક્કરે પુસ્તકની રચના અને પ્રકાશન કયા સંજોગોમાં થયું તે વિશે માહિતી રજૂ કરી મૂળ ગ્રંથ The Life Divine ના વિષય વસ્તુ વિશે ટૂંકી રજૂઆત કરી. આ ગ્રંથ The Life Divine લોકોએ શા માટે વાંચવો જોઈએ તેની રોચક રજૂઆત શ્રી કિરીટભાઈ ઠક્કરે, શ્રી કિરીટ જોશીના આ વિષયક વાર્તાલાપને સહારે કરી હતી.

ત્યારબાદ 'ચૈત્ય પુરુષ' વિષયક પરિસંવાદના ઉપક્રમે. શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં વિષય પરત્વેનાં વ્યાપક લખાણોમાંથી સંકલિત અંશો, ડૉ. ભાલેન્દુ વૈષ્ણવ શ્રી નરેન્દ્ર પટેલ, શ્રી નિમેષ જોશી, શ્રી નીલકંઠ જોશી તથા શ્રી કિરીટ ઠક્કરે રજૂ કર્યા હતા. પરિસંવાદ બાદ ડૉ. ભાલેન્દુ વૈષ્ણવ અને શ્રી દેવાનંદે સુન્દરમની અપ્રતિમ કૃતિ 'ઉચ્છ્‌વાસે નિઃશ્વાસે મારી એક જ રટના હો' નું અતિ સુંદર, અસરકારક ગાન કર્યું. સર્વ શ્રોતાઓ આ ભજનગાનમાં જોડાયા હતા અને ભક્તિભાવપૂર્ણ વાતાવરણ સર્જાઈ ગયું હતું!

કાર્યક્રમને અંતે ડૉ. ભાલેન્દુ વૈષ્ણવે સામૂહિક એકાગ્રતાના પ્રયોગનું નિદર્શન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન શ્રી નરેન્દ્ર પટેલે કર્યું હતું. શ્રી સ્મિતા બહેને હાજર રહેલા કુલ ૭૦થી ૮૦ સાધકો પ્રતિ કાર્યક્રમમાં હાજરી આપવા બદલ આભારની લાગણી પ્રકટ કરી હતી. શ્રી ચંપકલાલનું નામ જે સ્થળ સાથે જોડાયું છે એ સ્થાનમાં સર્વેએ આનંદાનુભૂતિ કરી. કાર્યક્રમની સમગ્ર વ્યવસ્થાનું આયોજન ત્યાંના સાધકોએ સુંદર રીતે કર્યું હતું.

*(અહેવાલ : શ્રી નીલકંઠ જોશી)*

*

**નવાં પ્રકાશનો :** (૧) શ્રી અરવિન્દ રચિત ગ્રંથ **The Life Divine** - નો સમૂહ અભ્યાસ : મૂળ અંગ્રેજી : શ્રદ્ધાવાન : ગુજરાતી અનુવાદ : કિરીટ ઠક્કર, પ્રકાશક : યોગયુક્તા પ્રકાશન, ઈ-૧૦૨, ચંદ્રનગર કૉલોની, સુવર્ણ લક્ષ્મી ઍપાર્ટમેન્ટ પાસે, વાઘોડિયા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯. મો. ૯૪૨૭૫૪૦૧૯૫. સાવિત્રી ભવન મુકામે શ્રી શ્રદ્ધાવાન દ્વારા સંચાલિત વર્ગોમાંનાં ગ્રંથ ૧ નાં પ્રથમ સાત પ્રકરણોના વિવરણોનો સમાવેશ આ પુસ્તકમાં થયો છે. CWSA : 21 ના પ્રથમ ૬૫ પેજ (૭ પ્રકરણો) નો સમૂહ અભ્યાસ મૂળ અંગ્રેજી-ગુજરાતી પાઠ સાથે કુલ ૪૫૦ પૃષ્ઠોમાં પ્રસિદ્ધ થયો છે. પ્રત્યેક પ્રકરણને

મથાળે રજૂ થયેલ શ્લોકોનું શ્રી એમ.પી. પંડિતે કરેલું વિસ્તૃત વર્ણન, શ્રદ્ધાવાનની સમજૂતી તથા વર્ગોમાં રજૂ થયેલા પ્રશ્નોના વિશદ ઉત્તરો સહિતનું આ પુસ્તક વાચકને અવશ્ય સહાયરૂપ થશે એવી આશા છે. ગ્રંથને આવકાર આપતું લખાણ શ્રી રઘુવીર ચૌધરીએ કર્યું છે. બુદ્ધિપ્રકાશ માસિકના જાન્યુઆરી-૨૦૨૨ના અંકમાં એ લખાણનું પુનઃ મુદ્રણ કરવામાં આવ્યું છે. સારા મેપલીથો કાગળ ઉપર, સુંદર છાપકામ, આકર્ષક કવર અને સુઘડ બાંધણી. મૂલ્ય રૂા. ૩૦૦=૦૦. ૫ કે તેથી વધુ પુસ્તકો મંગાવનારને યોગ્ય વળતર ચૂકવવામાં આવશે. વધુ વિગતો માટે પ્રકાશકનો સંપર્ક કરો.

(૨) **શ્રી અરવિન્દ જીવન–ઝલક :** શ્રી જ્યોતિબહેન થાનકી લિખિત લખાણોનું ૧/૧૬ ડેમી સાઈઝની ૧૬ પેજની પુસ્તિકારૂપે પ્રકાશન શ્રી અરવિન્દ સોસાયટી, પોરબંદર શાખા દ્વારા કરવામાં આવ્યું છે. પ્રકાશન સર્વાંગસુંદર છે. પ્રાપ્તિ માટે લખો : શ્રી અરવિન્દ સોસાયટી પોરબંદર શાખા ૪/૫ ભોજેશ્વર પ્લોટ, પોરબંદર-૩૬૦ ૫૭૫.

*

(૩) શ્રી અરવિન્દ રચિત The Mother એક અધ્યયન, લેખન અને પ્રકાશન - મકરન્દ બ્રહ્મા, 'જ્યોતિ' ૧૧૦ શારદાનગર, પાલડી અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. ૯૩૨૭૪૮૦૧૧૯. દ્વિતીય આવૃત્તિ. ત્રણ મહિનાના ટૂંકા સમયગાળામાં પુસ્તકની બીજી આવૃત્તિ થઈ છે તે સાધકસમુદાયમાં પુસ્તકને જે આવકાર મળ્યો છે તે દર્શાવે છે. આ આવૃતિમાં 'મા' પુસ્તકનો મૂળ પાઠ પણ સમાવી લેવામાં આવ્યો છે. સંનિષ્ઠ અભ્યાસી સાધકો દ્વારા આ લખાણોનાં વધુને વધુ અધ્યયનો થતાં રહે અને સામાન્ય જનસમુદાયને એના વાચનનો લાભ મળે એ શ્રેયકર અને પ્રેયકર પણ છે. શ્રી માધવ પંડિતનું 'Heart of Sadhna' આ અધ્યયનોમાં પુરોધા સમાન છે. શ્રી મકરન્દભાઈ બ્રહ્માને એમના અધ્યયનકાર્યમાં આ પુસ્તક સૌથી વધુ સહાયક નીવડ્યું છે એમ તેઓ પણ જણાવે છે.

પુસ્તકનું પ્રતીકમૂલ્ય રૂા. ૨૦/- છે. પુસ્તકપ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરો.

***

**સાભાર સ્વીકાર : નવી સદી : આનંદયુગનું પ્રભાત** લે - શ્રી હરેશ ધોળકિયા, પ્રકાશક : વિવેકગ્રામ પ્રકાશન વિવેકાનંદ રૂરલ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ, નાગલપુર રોડ, માંડવી (કચ્છ) ૩૭૦ ૪૬૫. મો. ૯૮૨૫૨ ૪૩૩૫૫. 'માનવની વિચારવાની પદ્ધતિ' વિશે શ્રી હરેશભાઈએ જે ચિંતનો કર્યાં છે તે ચિંતનાત્મક લખાણોનું સંકલન આ પુસ્તકમાં થયેલુંજોવા મળે છે' વિષય પાયાનો છે. એનું વધુને વધુ ચિંતન થતું રહે એ ઈષ્ટ છે.' ૧/૮ ડેમી સાઈઝનું ૧૦૦ પેજનું પુસ્તક અતિ સુંદર છે સર્વ દૃષ્ટિએ, છાપકામ, બાંધણી, કવર પેજ ચાર રંગમાં, હાથમાં લેવું ગમે એવું. અને એનું વાચન વિચાર પ્રેરક છે. પ્રાપ્તિસ્થાન પ્રકાશક, સરનામુ ઉપર જણાવ્યા મુજબ.

***

# સભ્યો / ગ્રાહકોને સૂચનો

૧. 'પ્રભુ અર્પણ' - સામાન્યતઃ દર મહિનાની પાંચમી તારીખે પ્રસિદ્ધ થાય છે.

૨. અંક ચોકસાઈથી ટપાલ દ્વારા રવાના કરાય છે. છતાં ટપાલમાં ગેરવલ્લે જાય અને અંક તા. ૨૦ સુધીમાં ન મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસને ફરિયાદ કરી તેની નકલ અત્રે મોકલવી. બને ત્યાં સુધી બીજી નકલ મોકલવામાં આવશે.

૩. સરનામું બદલાયાની સૂચના ૧૫ તારીખ પહેલાં પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે આપવી.

૪. સંસ્થા સાથે મેગેઝીનને લગતા પત્રવ્યવહારમાં આપનો સભ્ય/ગ્રાહક નંબર આપવો જરૂરી છે.

૫. શ્રી અરવિન્દ સોસાયટીની વાર્ષિક સભ્ય ફી (અ.ભા.૫ માસિક સાથે)

| | | | |
|---|---|---|---|
| ૧ વર્ષ | રૂા. ૨૦૦/- | ૧૦ વર્ષ | રૂા. ૪૦૦૦/-(ડોનર મેમ્બર) |
| ૩ વર્ષ | રૂા. ૫૮૦/- | ૨૦ વર્ષ | રૂા. ૨૫,૦૦૦(કોર્પોરેટ મેમ્બર) |
| ૫ વર્ષ | રૂા. ૯૬૦/- | | |

૬. ભારતમાં 'પ્રભુ અર્પણ'નું ફક્ત ગ્રાહક (સભ્યપદ વગર) તરીકેનું વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/- છે.

૭. ગમે તે માસથી સભ્ય/ગ્રાહક થઈ શકાય છે. એક વર્ષથી ઓછી મુદત માટે સભ્ય/ગ્રાહક નોંધવામાં આવતા નથી.

૮. નવા સભ્ય/ગ્રાહકે લવાજમ મોકલતી વખતે ''નવા સભ્ય/ગ્રાહક છે,'' એમ લખવું.

૯. નવા અથવા જૂના સભ્યો/ગ્રાહકો પોતાનું લવાજમ પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે રૂબરૂમાં અથવા મની ઓર્ડરથી અથવા બેન્ક ડ્રાફટથી ''શ્રી અરવિન્દ સોસાયટી'' ના નામથી ભરી શકે છે. જો ચેકથી લવાજમ ભરવાનું હોય તો વાર્ષિક લવાજમ ઉપરાંત વધારાની રકમ રૂા. ૨૦/- ઉમેરી ચેક લખવો.

૧૦. લવાજમ વસુલ કરવા માટે અંક વી.પી. થી મોકલાતો નથી.

૧૧. વ્યવસ્થા અંગેનો સર્વ પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક, 'પ્રભુ અર્પણ'-રવાનગી વિભાગ, શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા શાખાના નામથી કરવો.

૧૨. જે સભ્યોનું લવાજમ પૂરું થઈ ગયું હોય તેઓએ પોતાનું લવાજમ તુર્ત મોકલી આપવું. જે કવરમાં આપને 'પ્રભુ અર્પણ' મળે છે તેની ઉપર, આપના સભ્યપદ નંબર પછી ૧, ૪, ૭, વિ. અંક દર્શાવેલા હોય છે, તે કયા માસમાં આપનું લવાજમ પૂરું થાય છે તે દર્શાવે છે. લવાજમ પૂરું થયાની સૂચના વ્યક્તિગત રીતે આપવામાં આવતી નથી.

તેં મારી ઉપર તારી કૃપાઓના ગંજ ખડક્યા છે, અનેકાનેક ગુપ્ત રહસ્યો તેં મારી સમક્ષ પ્રગટ કર્યાં છે, તેં મને કેટલાયે અણધાર્યા અને અણકલ્પ્યા આનંદોનો રસ ચખાડ્યો છે, પરંતુ એ તારા કૃપાપ્રસાદો કરતાંય એક ઘણો મહાન પ્રસાદ તો તું મને ત્યારે આપે છે જ્યારે તારા દૈવી ઉચ્છ્ વાસનો સ્પર્શ થતાં માનવહૃદય ઝબકીને જાગી ઊઠે છે.

આ પવિત્ર ઘડીઓમાં આખી પૃથ્વી એક આનંદનું સ્તુતિગાન કરી રહી છે, ઘાસ સુખાનુભવથી રોમાંચિત થઈ રહ્યું છે, હવા જ્યોતિ વડે આંદોલિત થઈ રહી છે, વૃક્ષો આકાશ પ્રત્યે તેમની ઊંડા અંતરની પ્રાર્થનામાં ઊઠી રહ્યાં છે, પક્ષીઓનાં ગીત સ્તવનગીત સમાં બન્યાં છે, સમુદ્રનાં મોજાંઓ પ્રેમ વડે આંદોલિત થઈ રહ્યાં છે. બાળકોનાં સ્મિતહાસ્ય અનંતની વાર્તા કરી રહ્યાં છે અને માનવોના આત્માઓ તેમનાં ચક્ષુઓમાં દર્શન દઈ રહ્યા છે.

કહે, કહે મારા પ્રભુ, તું મને એ આપીશ ? – આશાતુર અંતઃકરણોમાં આ ઉષાને જન્મ દેવાની, તારા પરમ દિવ્ય ચૈતન્ય પ્રત્યે માનવોની ચેતનાને જાગૃત કરવાની, આ ઉજ્જડ અને દુખિયારી દુનિયામાં તારા સાચા સ્વર્ગનો એકાદ અંકુર પણ પ્રગટ કરવાની એ અદ્ભુત શક્તિ તું મને આપીશ ? જગતનું કયું સુખ, કઈ સંપત્તિ, કઈ દુન્યવી શક્તિઓ તારી આ અદ્ભુત બક્ષિસની તુલનામાં આવી શકે તેમ છે ?

હે પ્રભુ, મેં તને કરેલી મારી પ્રાર્થના કદી નિષ્ફળ ગઈ નથી કારણ કે તું જ મારી અંદરથી તારી પ્રત્યે બોલી રહ્યો હોઉં છું.

ટીપે ટીપે કરીને તું તારા ફલદાયી વરસાદના સ્વરૂપમાં તારા જીવંત અને સર્વશક્તિમાન પ્રેમની જીવંત અને પાવક જ્વાળાને પડવા દઈ રહ્યો છે. અમારી આ તમોમય અજ્ઞાનની દુનિયા ઉપર જ્યારે આ શાશ્વત પ્રકાશનાં બિંદુઓ અવતરે છે ત્યારે જાણે એમ લાગે છે કે કોઈ ઘનશ્યામ આકાશમાંથી એક પછી એક સુવર્ણના તારકોનો પૃથ્વી ઉપર વરસાદ પડી રહ્યો છે.

સર્વ કાંઈ એક મૂક ભક્તિભાવમાં આ હંમેશાં પુનર્જન્મ પામતી ચમત્કૃતિ આગળ નમનમાં ઢળે છે.

શ્રી માતાજી

(પ્રાર્થનાઓ અને ધ્યાન)

Published on 5th of Every Month
Posted on 10th of Every Month at Vadodara HO
RNI NO GUJGUJ/2015/60353
RNP/VDR(E)338/2020-21
VALID UP TO 31/12/2023
(વર્ષ ૦૮ : અંક ૦૨)
વાર્ષિક લવાજમ ₹ ૨૦૦ - છૂટક અંક : ₹ ૨૦ (તા. ૧-૦૪-૨૦૨૧ થી)

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૨૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૨૦૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.